કિંમત ₹ ૫

# શ્રી સ્વામિનારાયણ

માસિક

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક : ૧૫૨ ● ડિસેમ્બર ૨૦૧૯




પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧









૧. શ્રી સ્વામિનારાયણ બાગથી કાલુપુર મંદિરની પદયાત્રામાં પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી હજારો હરિભક્તો સાથે દર્શન આપતા. ૨. અમદાવાદના તમામ વિસ્તારના ૨૫૦૦ જેટલા ટ્રાફીક પોલીસને પ.પૂ. લાલજી મહારાજશ્રીના સંકલ્પથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા પ્રસાદ અને પાણીની બોટલનું વિતરણ. ૩. કાલુપુર મંદિર હવેલીમાં વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વચનામૃતની પારાયણનો લાભ લેતા સત્સંગી બહેનો અને બહેનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક.




# શ્રી સ્વામિનારાયણ

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૧૩ ● અંક : ૧૫૨

ડિસેમ્બર-૨૦૧૯

(મૂળ વર્ષ ૫૦)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
www.swaminarayanmuseum.com

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
magazine@swaminarayan.in
www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા
E-mail : manishnvora@yahoo.co.in
**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | નાગરવેલ | ૦૬ |
| ૦૪. | પુરાણ પુરૂષ હરિકૃષ્ણનું ભજન કરો | ૦૮ |
| ૦૫. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો | ૧૧ |
| ૦૬. | સર્વૈરપિ યથાશક્તિ ભાવ્યં દીનેષુ વત્સલૈઃ | ૧૩ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૫ |
| ૦૮. | સત્સંગ બાલવાટિકા | ૧૭ |
| ૦૯. | ભક્તિ સુધા | ૨૦ |
| ૧૦. | સત્સંગ સમાચાર | ૨૬ |

# અસ્મદીયમ્

અનેક જન્મોના અંતે આપણને આ મહામૂલો મોંઘો મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે. એ પણ આવા અલૌકિક સત્સંગમાં શ્રીહરિએ આપણને જન્મ આપ્યો છે.

આપણા કેટલાય પુણ્ય ઉદય થયા હશે ત્યારે આપણને આવા ભગવાન સર્વોપરી શ્રીહરિ મળ્યા છે. આપણને ભગવાન ખરેખર જો ઓળખાયા હોય તો શ્રીહરિએ સ્વયં લખેલી શ્રીમદ્ શિક્ષાપત્રીની દરેક આજ્ઞાનું આપણે પાલન કરીશું તો આપણો આ લોક તો સુધરશે પણ આપણો પરલોક પણ સુધરશે. સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણને અંતકાળે જરૂર તેડવા આવશે અને તેમના અલૌકિક અક્ષરધામનું સુખ આપણને આપશે. અને આપણો જન્મ મરણનો ફેરો ટળી જશે.

સુંદર મજાની શિયાળાની ઋતુ ચાલું થઈ છે. ૧૬ ડિસેમ્બરથી પવિત્ર ધનુર્માસનો પ્રારંભ થશે, આ જગતના લોકો માટે કમૂહુર્તા શરૂ થશે અને ભગવાનના ભક્તો માટે વિશેષ ભજન સ્મરણ કરવાનો આ માસ છે.

પ્રાતઃ આપણા કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનની મહામંત્ર ધૂન,ભજન કીર્તન સ્મરણ કથાવાર્તા આદિ થશે.

આવો દિવ્ય અવસર વરસમાં એકવાર આવે છે. જેનો અલૌકિક લાભ લઈ આપણું જીવન પ્રભુમય બનાવીને આત્યંતિક મોક્ષ અને કલ્યાણ સાધી લેવું તેજ આ મનુષ્ય જન્મની સાર્થકતા છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ



**(નવેમ્બર-૨૦૧૯)**

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર પલસાણા (તા. કલોલ) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૩ સોનારડા (દહેગામ) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.
શ્રી સ્વામિનારાયણ મંદિર બિલોદરા પાટોત્સવ પ્રસંગે પધરામણી

૮ ખેરવા ગામે (પંચમહાલ) કથા પ્રસંગે પધરામણી.

૯ સાંજે શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી (કચ્છ) પધરામણી.

૧૧ સાંજે જીરાગઢ (હાલાર) પધરામણી.

૧૨ શ્રી સ્વામિનારાયણ નૂતન મંદિર જીરાગઢ (ભાઈઓ અને બહેનોનું)માં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા તથા શ્રી રોકડીયા હનુમાનજી મહારાજના નૂતન મંદિરની ખાત વિધિ અને કથા પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૫ થી ૧૭ ગ્રીફીથ (ઓસ્ટ્રેલીયા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાત વિધિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૧૮ થી ૨૧ પર્થ, એડીલેડ (ઓસ્ટ્રેલીયા)માં સત્સંગ સભા પોતાના સાનિધ્યમાં થઈ.

૨૨ થી ૨૪ ડેરી મેટ (મેલબોર્ન ઓસ્ટ્રેલીયા) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૫ સ્વદેશ આગમન.

૩૦ શ્રી સ્વામિનારાયણ બાગ મેમનગરથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સંત હરિભક્તો સાથે

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(નવેમ્બર-૨૦૧૯)**

૩૦ થી ૬ નવેમ્બર અમેરિકા પધરામણી.

૧૦ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીગનર (સે-૨) તુલસી વિવાહ પ્રસંગે પધરાણી.

૧૬ શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામ શ્રી વિષ્ણુયાગ અને પારાયણ પ્રસંગે પધરામણી.

૧૭ શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુર પાટોત્સવ અને શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૧૮ ગમીજ ગામે કથા પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૩૦ શ્રી સ્વામિનારાયણ બાગ મેમનગરથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સંત હરિભક્તો સાથે પદયાત્રામાં પધાર્યા.
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં હોમાત્મક મહાપૂજા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

# નાગરવેલ



- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

पुगीफलं महद्दिव्यं नागरवल्लीदलौर्युतम् ।

एलादिचुर्ण संयुक्तं तांबुलं प्रतिगृह्यताम् ॥

આ શ્લોક સાથે ભૂદેવ પંચોપચાર અથવા ષોડશોપચાર પૂજાવિધિમાં નાગરવેલના પાનમાં લવિંગ - એલાયચી રાખીને દેવોને નૈવેદ્યના અન્તે મુખવાસ અર્પણ કરતા દર્શન કરીએ છીએ. આ ભૂમંડળ ઉપર અઢાર કરોડ વનસ્પતિઓ હોવા છતા દેવપૂજામાં મુખવાસ તરીકે સ્થાન મેળવનાર આ વનસ્પતિની ઉત્પત્તિની કથા વેદવ્યાસ શ્રીકૃષ્ણદ્વૈપાયન ભગવાને સ્કંદપુરાણમાં વિસ્તૃત રીતે સ્વહસ્તે લખી છે.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં એક કથા સમુદ્રમંથનની લખવામાં આવી છે. તેમાં દેવો-દાનવોએ સાથે મળી સહિયારો પુરુષાર્થ કર્યો, ભગવાન કચ્છાવતાર નારાયણની કૃપાથી તેમાંથી ચૌદ રત્નો મળ્યા. તેમાં ધન્વંતરી નારાયણ અમૃત કળશ લઈને પ્રગટ થયા. મંથનના ઉદ્યોગમાં અમૃતપાનની વહેંચણીમાં વિવાદ થયો તેમાંથી કોઈ સમાધાનકારી રસ્તો ન નીકળતા બિનવારસી સમ્પત્તિની જેમ અમૃતકળશનો કોઈ પક્ષને લાભ ન મળ્યો. તેમાં ઘણો વિલંબ થતા તે કળશમાંથી એક લત્તા-વેલી પલ્લવીત થઈ. તે જોત જોતામાં ઐરાવત હાથીના સ્થંભ ઉપર વધવા લાગી. તેમાં અતિ સુગંધીદાર પાન આવવા લાગ્યા. તે સુગંધી હવા ચારેબાજુ ફેલાતા દેવોના મન આકર્ષાવા લાગ્યા. અમૃતકુંભના અધિષ્ઠાતા શ્રીધન્વંતરી ભગવાન આ વનસ્પતિ જોઈ ખૂબ પ્રસન્ન થયા. તેને ગજરાજ ઐરાવતના સ્થંભના આધારે જોઈને ગજને સંસ્કૃતમાં ‘‘નાગ’’ કહેવાય છે એટલે આનું નાગપત્તિ-નાગવલ્લી-નાગવેલ એવું નામ રાખ્યું. અને પ્રસન્ન થઈને તેમાં કામદેવને વાસ આપ્યો.

એકવાર ધન્વંતરી નારાયણે તે નાગવલ્લીના પાનમાં અન્ય સુગંધી દ્રવ્યોનું મિશ્રણ કરી સ્વર્ગાધિપતિ રાજા ઈન્દ્રદેવને ખવડાવ્યું ત્યારે ઈન્દ્ર બહુ જ ખુશ થયો. ત્યારે ઈન્દ્ર કહે : પ્રભુ ! માગો માગો ! ધન્વંતરી કહે : આ નાગરવેલના પાનથી જેમ દેવો પ્રસન્ન થાય છે તેમ ત્રિલોકીના લોકો પણ આનો લાભ લે માટે આનો પ્રચાર કરવા અનુમતિ આપો. ત્યારે ઈન્દ્રદેવે નાગરવેલ વનસ્પતિને પૃથ્વી પર વાવવાની અનુમતિ આપી અને કહ્યું કે આ પત્રથી જે કોઈ માણસ દેવપૂજા-આવાહન કરશે તેની સકળ મનોકામના અમે સહુ પૂર્ણ કરીશું.

નાગરવેલ વનસ્પતિ લત્તાને દક્ષિણ ભારતમાં કુમારિકાક્ષેત્રના ઉદ્યાનમાં દેવો દ્વારા વાવવામાં આવી. તેનો રંગ-સુગંધ-સ્વાદ અતિ સુંદર વળી તેમાં સ્વયં કામદેવનો વાસ એટલે પૃથ્વી પરના રાજા-મહારાજા-ધનપતિ-મહાજનોના મનમાં નાગરવેલના પાન ખાવા-ચાવવાનો ઉમંગ વધતો ગયો અને તેમાં જાતજાતના દ્રવ્યો રૂચી મુજબ ભેળવીને પૃથ્વી પર બહુ આકર્ષણ ઉપસ્થિત કર્યું. સૌ પહેલા તો ભોજનના અન્તે મુખશુદ્ધિ માટે ઉપયોગ થતો સમય જતા આખો દિવસ પાન ખાવાના શોખીનો વધવા લાગ્યા. નાગરવેલ પરસ્પર મૈત્રી સંધીમાં પાન-શ્રીફળ સાથે રાખવામાં આવતું.

કેટલાય સમય પછી તમોગુણી લોકો પાનમાં નશાયુક્ત પદાર્થોનું મિશ્રણ કરી પાન ખાવાથી મદોન્મત થવા લાગ્યા. ઉત્તમ વર્ણના લોકો તેમાં પણ કેટલાક વિદ્વાન લોકો પણ પાનના નશામાં રહેવાથી પૃથ્વી પર કેટલાક સમય સુધી દેવોની પૂજા-હોમ-હવન-પૂજાપાઠ બંધ થઈ ગયા. તે કારણે દેવો બળ શક્તિ તેજ હીન થઈ ગયા. લોકો ભોગ વિલાસી બની ગયા. તેઓની પાનના દાતણથી સવાર થાય અને રાત્રી શયન સુધી પાન ખાવાનુ બંધ કરે નહિ. નાગરવેલમાં રહેલ કામદેવે પૃથ્વી પર પોતાનું સામ્રાજ્ય બનાવી દીધું. દેવોની દયનીય સ્થિતિને જોઈ દેવરાજ ઈન્દ્ર પિતામહ

બ્રહ્માના શરણે જઈ વિનંતી કરી કે, હે પિતામહ ! પૃથ્વી પર અમારી પૂજા પાઠ-હોમ હવન બંધ થઈ ગયા છે. અમારું તેજ પાછું મળે એવી કૃપા કરો.

પિતામહ બ્રહ્માજી પૃથ્વી પર પુષ્કર ક્ષેત્રમાં પધાર્યા. અહીંની પરિસ્થિતિને બહારથી અને અર્ન્તવૃતિ કરીને જોઈને તેનો ઉપાય શોધવા પુષ્કર સરોવરના ઘાટ પર બિરાજમાન થયા. તેવામાં એક બહુ દુઃખી પીડિત સ્ત્રી સામે આવી હાથ જોડીને બ્રહ્માજીની પાસે રુદન કરવા લાગી. બ્રહ્માજી સ્ત્રીનું કરુણ રુદન સાંભળી બોલ્યા કે ''તું કોણ છે ? સ્ત્રીએ કહ્યું કે ''હું સાક્ષાત્ દરિદ્રતા છું'' હું વિપ્રો - બ્રાહ્મણો - વિદ્વાનોના ઘેર રહી રહીને ઉપવાસ કરીને અતિ દુઃખી થઈ ગઈ છું. મને ધનવાનના ઘેર રહેવાની અનુમતિ આપો. તે સમયે બ્રહ્માજી ધરતી ઉપરના લોકો જે નાગરવેલના પાનના કેફમાં ઘેલા થઈ ગયા હતા દેશો-દેશ, નગરે-નગર, ગામે-ગામ, રાજા-મહારાજા-ધનપતિ મહાજનો નાગરવેલના પાનમાં તમ્બાકુ જેવી નશીલી વસ્તુઓનું મિક્ષણ કરી પોતાના ધર્મ-ધંધા-વ્યવસાય-પૂજા-હોમ-હવન જેવા સત્કર્મમાંથી પતન પામેલા પાગલ લોકોને દંડ કરવા માટે તેમજ પાનને પવિત્ર પૂજાકર્મમાં સમીધા દ્રવ્ય તરીકે ભગવાન ધન્વંતરીએ સ્થાન આપેલું છે છતા તેનો દુરુપયોગ કરતા લોકોને દંડ કરવા માટે પિતામહ બ્રહ્માજીએ ''દરિદ્રતા''ને તમ્બાકુમાં પરિવાર સહિત રહેવાની અનુમતિ આપી અર્થાત્ જે કોઈ માણસ તમ્બાકુ સહિત પાન ખાશે તેના ઘરમાં આજીવન દરિદ્રતા કુટુંબ સહિત નિવાસ કરશે. હે સ્ત્રી તું તમાકુ યુક્ત નાગરવેલમાં નિવાસ કરીને રહેજે.

બ્રહ્માજીની અનુમતિથી દરિદ્રતાએ અલ્પકાળમાં મોટા મોટા ધનપતિ-રાજા-મહારાજાઓ જે જે લોકો પાનના નશામાં આવીને પોતાના દેવકર્મ-પિતૃકર્મમાંથી ભ્રષ્ટ થયા હતા તેવા મનુષ્યો દરિદ્રતાથી નિર્ધન દુઃખી પાયમાલ દુઃખી દુઃખી થઈ ગયા.

રાજ્યસત્તા-માલ મિલકત - ધન દોલત - સુખસંપત્તિ - યશ કીર્તિ ગુમાવનાર મનુષ્યોને ધીમે ધીમે પોતાની ભૂલો ઓળખાવા લાગી. તેઓ ઋષિમુનિઓના શરણે ગયા. અને ઋષિઓએ તેઓને પુનઃ પોતાના કુળવંશ પરંપરાગતથી ચાલી આવેલ પૂજા-પાઠ-હોમ-હવન સત્કર્મના માર્ગે ચડાવ્યા. એટલે થોડાજ સમયમાં તેઓની ચાલી ગયેલી સત્તા-સમ્પત્તિ પાછી મેળવી લીધી.

બ્રહ્માજીએ નાગરવેલના પાનને દેવપૂજનમાં આસન તરીકે અને તેમાં લવિંગ-એલાયચી મિશ્રિત કરીને મુખ શુધ્ધિ (મુખવાસ) તરીકે સ્થાન આપ્યું. જે કોઈ માણસ તમ્બાકુ અથવા તમ્બાકુ યુક્ત પાન ખાય છે તો તેના પ્રારબ્ધમાં ધન-સમ્પત્તિ-સુખ-સમૃદ્ધિ લખેલી હોય છતાં બ્રહ્માજીના વચનથી તેનો નાશ થાય છે તેના ઘરમાં દરિદ્રતા કાયમી વાસ કરે છે. તે ગમે તેવી મોટી કમાણી થતી હોય છતા તેની સમ્પતિ રિસાઈને ચાલી જાય છે.

પાન દેવકર્મમાં ઉપયોગી પવિત્ર દૈવી વનસ્પતિ છે. તેમાં તજ-લવિંગ-એલાયચી-વરીયાળી જેવા પદાર્થો મિશ્રિત કરીને ભગવાનને અર્પણ કરવામાં આવે છે. અને તેનો પ્રસાદ પણ ભક્તોને વહેંચવામાં આવે છે. પરંતુ રાત્રીના સમયે પાન ખાવાનો નિષેધ છે. કેમ કે તેમાં રહેલ કાથો રાત્રીએ ખાવાનો નિષેધ કરેલ છે.

નાગરવેલમાં તમ્બાકુ મિશ્રિત કરીને જે કોઈ પાન ચાવે છે તેને દરિદ્રતા ક્યારેય માફ નહિ કરે નાગરવેલ પાનમાં ઔષધીય ગુણો અનેક રહ્યા છે. પણ તેમાં (તમ્બાકુ) ભેળવવામાં આવે ત્યારે તે વિષ સમાન બને છે.

નાગરવેલ પાન દેવપૂજામાં દેવોના આવાહ્રન - તત્ત્વોના આવાહન અને આસન તરીકે શાસ્ત્રોમાં વિધાન કરવામાં આવેલ છે.

જેના ઘરમાં નાગરવેલના પાન રાખવામાં આવે અથવા તોરણ બનાવી દ્વાર પર બાંધવામાં આવે તેના ઘરમાંથી દરિદ્રતા ચાલી જાય છે. અને સુખ સમૃદ્ધિ પ્રારબ્ધમાં ન હોય છતાં પણ આવે છે.

**આઉટ સ્ટેટના આપણા મંદિરોમાં દર્શને જતા હરિભક્તોને સૂચન**

આપણા અન્ય સ્ટેટમાં આવેલા શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં દર્શને જતા યાત્રિકોએ જે તે મંદિરમાં ઉતારા પાણી અને જમવાનું હોય તેમણે અગાઉ ફોન કરીને કેટલા વ્યક્તિ છો તે સમય સાથે અચૂક જણાવવાનું. આપ ગમે ત્યારે ફોન કર્યા વગર જાવ ત્યારે વ્યવસ્થાપકો ને જે તકલીફ પડે તેની આપણને ખબર હોવી જોઈએ. માટે આપણા દરેક મંદિરોમાં અગાઉ ફોન કરી તમામ માહિતી આઈ.ડી. પ્રુફ સાથે એડવાન્સમાં જણાવવી ખાસ સૂચના છે.

श्री स्वामिनारायण

# पुराण पुरुष हरिकृष्णनुं भजन करो

- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

॥ अष्टपदी ठुमरी राग ॥ निष्कामानंद वर्णिरचितः

भजमानस त्वं श्रीहरिं हरिकृष्णंपुराणम् । भज..... ध्रुवपदम्

मायापारे निलये निवसन्तम् । मुनिजनमण्डलमण्डितं.. हरि..॥१॥

नवधनमेचकमंगं दधानम् । वामरिपुमदमारकम्.. हरि..॥२॥

भास्वद्द्युतिवसनैर्विलसन्तम् । बहुविधभूषणभूषितम्.. हरि..॥३॥

भुवि शकुलाद्याकृतिं विदधानम् । स्वीयजनानन्ददायकम्.. हरि..॥४॥

प्रेमवतीवृषलालं विशोकम् । दुर्गपत्तनसंवासिनं.. हरि..॥५॥

उन्मतगंगाजले विहरंतम् । जानसुधाजनशंकरम्.. हरि..॥६॥

ब्रह्मप्रियं ब्रह्मवर्तधरवेषम् । ब्रह्मव्रतघरनायकम्.. हरि..॥७॥

हंसरूचिरगमनं कंजनेत्रम् । धर्मवंशावनकारकं.. हरि..॥८॥

निष्कामवर्णिरचितगीतगीतम् । निष्कामनरव्रजशर्मद.. हरि..॥९॥

॥ इति निष्कामानन्दवर्णिविरचिता अष्टपदी समाप्ता ॥

ભગવાનશ્રી સ્વામિનારાયણનો જે જે યોગ ભ્રષ્ટ એવા મુમુક્ષુઓને સંગ થયો તેઓ ને સર્વવતારી ભગવાનશ્રીહરિ સહજાનન્દ સ્વામી સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રગટ પ્રમાણ પુરૂષોત્તમનારાયણ છે તેવો દઢ નિશ્ચય પોતાના હૃદયમાં તત્કાળ થયો છે, અને તેવા જ દઢ નિશ્ચય વાળા પોતાના સંગ કરનારા સૌનો થાય તેવા જ શુભ પ્રયત્નો તે સર્વ મહાન મોટા પરમહંસો શ્રીહરિની આજ્ઞાથી સદા સર્વદા કરતાં રહેતા હતાં તે માટે શ્રીહરિના ગુણ ઐશ્વર્ય અને લીલાચરિત્રોનું ગાન ભક્તો સમક્ષ કરતાં તેમાંથી કીર્તનો કવિતાઓ શ્લોકો અને સુંદર વાર્તા રૂપે ગદ્ય સાહિત્ય સંપ્રદાયમાં પ્રચુર માત્રામાં સૃજાણું છે . તેમાં સંસ્કૃત ભાષાના નિષ્ણાંત સંતો જગતના વિદ્વાનોને શ્રીહરિનો નિશ્ચય થાય તેવા શુભ હેતુ થી સંસ્કૃત ભાષામાં ગ્રન્થો અને કવિતાઓ અર્થાત અષ્ટકોની રચના કરીને તેનું ગાન કરતાં જેથી સાંભળનારાને અવશ્ય હૃદયમાં તે વાત વસી જાય તેવું જ આ સ્તોત્ર અષ્ટક છે જેમાં વર્ણિરાજ શ્રીનિષ્કામાનન્દજી પોતાના ઈષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના સ્વરૂપનું જ્ઞાન થાય તેવી શબ્દાવલીથી વર્ણન કરે છે. જેના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ.

**ભજમાનસ ત્વં શ્રીહરિં હરિકૃષ્ણ પુરાણમ્ । ભજ.**
**(ધ્રુવપદ) માયાપારે નિલયે નિવસન્તમ,**
**મુનિજનમણ્ડલમંડિતમ ॥હરિ..॥૧॥**

માયા જેને શાસ્ત્રોમાં ત્રિગુણાત્મિકા કહે છે સત્વગુણ રજોગુણ અને તમોગુણ જ્યાં હોય ત્યાં માયા હોય અને જ્યાં માયા હોય ત્યાં ભેદ હોય. સારા નરસા નાના મોટા સ્ત્રી પુરૂષ વિગેરે આવા પ્રકારના જ્યાં કોઈ પણ પ્રકારના ભેદ નથી ત્યાં જેમનું નિવાસ સ્થાન છે, અર્થાત પોતાનું ધામ છે. જેને અક્ષરધામ કહે છે ચિદાકાશ ધામ કહે છે બ્રહ્મધામ કહે છે. સદા દ્વિભુજ દિવ્ય સાકાર મૂર્તિ એવા પૂર્ણપુરુષોત્તમ શ્રીહરિ અનંતકોટી અક્ષરમુક્તો જેમનું અખંડ ધ્યાન પરાયણ થઈને વિંટળાઈને નિરખી રહ્યા છે એવી દિવ્ય શોભાએ યુક્ત પોતાના નિવાસ સ્થાન ભૂત અક્ષરધામમાં પુરાણ પુરૂષ રૂપે અર્થાત સદા ભૂત ભવિષ્ય અને વર્તમાન સમયે એક સરખી સ્થિતિમાં રહેનારા અનાદિકાળથી તેમ જ છે તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૧)

**નવઘનમેચકમંગ દધાનમ્ ।**
**વામરિપુમદમારકમ્ ॥હરિ..॥૨॥**

ધર્મદેવ અને માતા ભક્તિદેવીના ઘરે મનુષ્ય શરીર જેમણે ધારણ કરેલ છે તે માનવ શરીરનો વર્ણ અર્થાત રંગ શ્યામ છે જાણે અષાઢ માસના આકાશમાં નવા નવા વાદળો જળ ભરીને તાજા તાજા ચડી આવ્યા હોય તેના રંગ જેવો ઘાટો શ્યામ રંગ ધારણ કરેલ છે તો પણ સમગ્ર બ્રહ્માંડમાં વસતાં દેવો દાનવો મનુષ્યો અને સિદ્ધો તપસ્વીઓને પરાજીત કરનારા વામરિપુ અર્થાત કામદેવના ગર્વને પણ દૂર કરે તેવું તો તેમનું સૌન્દર્ય છે. તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ

નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૨)

**ભાસ્વદ્દ્યુતિવસનૈર્વિલસન્તમ્ ।**
**બહુવિધભૂષણભૂષિતમ્ ॥હરિ...॥૩॥**

પોતાના ભક્તોના સમુદાયમાં સદા વિચરણ કરતાં મનુષ્યાકૃતિ ધારી શ્રીહરિ સદા શ્વેત વસ્ત્રો તો એવા ધારણ કરે છે કે જેમના ચળકાટ થી જોનારાને તો એમ જ લાગે છે કે જાણે આકાશમાથી સાક્ષાત સૂર્ય સંપૂર્ણ પોતાના તેજ સાથે પૃથ્વી ઉપર આવી ગયો ને શું ! એવા સુન્દર તેજસ્વી વસ્ત્રોથી શોભી રહ્યા છે. તેમજ જેમના દરેક દરેક અંગ ઉપર હીરા મોતી માણેક જડેલાં સુવર્ણના અલંકારો આભૂષણો ધારણ કરેલાં છે. તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૩)

**ભવિશકુલાધાકૃતિ વિદધાનમ ।**
**સ્વીયજનાનન્દદાયકમ્ ॥હરિ..॥૪॥**

પોતાના એકાન્તિક ભક્તોને સુખ આપવા અને તેમના મનોરથો પુરા કરવા અને પોતાના અક્ષરધામમાં તેડી જવા માટે જેમણે આ પૃથ્વી ઉપર વિવિધ પ્રકારના ચિત્રવિચિત્ર આકૃતિ વાળા શરીર ધારણ કરીને અવતરણ કર્યું છે, અને પોતાના આશ્રિતોને મહાસુખ જે અવિનાશી અક્ષરધામનું જે સુખ તે ને પ્રાપ્ત કરાવીને સ્વયં પોતે અક્ષરધામમાં તેડી જાય છે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૪)

**પ્રેમવતીવૃષલાલં વિશોકમ ।**
**દુર્ગપત્તનસંવાસિનમ ॥હરિ..॥૫॥**

પ્રેમલક્ષણા ભક્તિએ કરીને જ જેમને મેળવી શકાય છે તે પોતાના માતા ભક્તિદેવી જેમણે પ્રેમથી લાલન પાલન કર્યું છે. અને પિતા વૃષ એટલે ધર્મદેવના પુત્ર થઈને તેમના સમગ્ર શોક જેમણે દૂર કર્યો છે, તેવી જ રીતે દુર્ગપુરમાં નિવાસ કરનારા પોતાના ભક્તો જે તેવા જ પ્રેમી છે તેમના શોકને દુઃખને પણ દૂર કર્યા છે તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૫)

**ઉન્મત્તગંગાજલે વિહરંતમ્ ।**
**જ્ઞાનસુધાજનશંકરમ્ ॥હરિ..॥૬॥**

મનુષ્ય દેહધારી ભગવાન શ્રીહરિ ગઢપુરમાં નિવાસ કરીને રહે છે ત્યારે ઉન્મત્તગંગા એટલે કે ઘેલાં નદીમાં દરરોજ સ્નાન ક્રીડા કરે છે. અને તે નદીના જળને મહાન પવિત્ર કરે છે. પોતાના સ્વરૂપનું એકાન્તિક સરળ સ્વભાવના સાધુજનોને ભક્તોને વચનામૃતો દ્વારા જ્ઞાન આપીને આત્યન્તિક મોક્ષ રૂપ પોતાના અક્ષરધામનો મહાન બ્રહ્માનન્દનો આનંદ આપે છે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૬)

**બ્રહ્મપ્રિયં બ્રહ્મવર્તધરવેષમ્ ।**
**બ્રહ્મવૃતધરનાયકમ્ ॥હરિ..॥૭॥**

શિક્ષાપત્રી શ્લોક ૧૧૬માં કહેલાં ત્રણ દેહ સ્થૂળ, સુક્ષ્મ અને કારણ થી અલગ પોતાના આત્માને બ્રહ્મરૂપ કરીને ભજે છે તેને અતિ પ્રિય છે અથવા તેવા બ્રહ્મરૂપ થયેલાં ભક્તો જેને પ્રિય છે, સ્વયં પોતે મનુષ્ય દેહ ધારણ કરેલ છે તે દેહે કરીને પણ નૈષ્ઠિક બ્રહ્મચારીના જેવા જ વેષ વસ્ત્રો ધારણ કરે છે, અથવા બ્રહ્મચર્ય વ્રતધારીના જેવો વેષ જેમને પ્રિય છે. બ્રહ્મચર્ય વ્રતધારીઓમાં જે સર્વશ્રેષ્ઠ છે. તેમના નાયક છે આરાધ્ય છે ઉપસનીય છે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૭)

**હંસરૂચિરાગમન કંજનેત્રમ ।**
**ધર્મવંશાવનકારકં ॥હરિ..॥૮॥**

જેમના શરીરની સુન્દરતાં અને તેમની ચાલવાની રીત જાણે મદ ગતીએ ચાલતાં હંસના જેવી છે અથવા પોતાના આશ્રિત પરમહંસોની ગતિરૂપ જેમનું તિલ ચિન્હ યુક્ત સ્વરૂપ છે. જગતના જીવો ઉપર દયા કરવામાં જેમના નેત્રો આંખોમાં દયા અને કરૂણા એટલાં ભરેલાં છે તે એવા શોભે છે જાણે સરોવરમાં ખીલેલા કમળ જેવા દેખાય છે. અને જેમનું કાર્ય પોતાના પિતા ધર્મદેવના વંશનું રક્ષણ કરવું તે જ છે. અથવા જેનામાં ધર્મ, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય આદિ સદ્‌ગુણો છે તેવા એકાન્તિક પોતાને આશ્રિતોનું સદા રક્ષણ કરવું એજ છે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૮)

**નિષ્કામવર્ણિરચિતગીતગીતમ ।**
**નિષ્કામનરવૃજશર્મદ ॥હરિ..॥૯॥**

નિષ્કામ એકાતિક ભક્તો જેમને ક્યારેય જગતના નાશવન્ત પદાર્થોની આશા નથી કામના નથી તેવા ભક્તોએ ગાયેલ ગીતને જે હમેંશા ગાય છે અર્થાત યાદ રાખે છે અથવા તેવા ભક્તોની પ્રાર્થના સાંભળે છે. અને તેવા ભક્તોને સદા પોતાના સ્વરૂપનું સુખ આપે છે. જગતની કોઈ પણ પ્રકારની જેમના હૃદયમાં વાસના કે કામના નથી તેવા નિષ્કામી ભક્તોને જે શરણે આવે છે તેમને આત્યન્તિક મોક્ષ આપે છે . તેવા શ્રીહરિનું નિષ્કામાનન્દ વર્ણીએ રચેલાં સ્તોત્રનું તું ગાન કરીશ તો તને પણ આત્યંતિક મોક્ષ આપશે, તે પુરાણપુરૂષ પરમાત્મા સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આજ પૃથ્વી ઉપર જે હરિકૃષ્ણ નામે પ્રગટ મનુષ્યાકૃતિ ધારણ કરીને વિચરણ કરે છે તેમનું હે માનવ તું ભજન કર જેથી તે અક્ષરધામમાં નિવાસ કરવાનો તને અવસર મળે. (૯)

## ધનુર્માસનો વિશેષ સત્સંગ

### તા. ૧૬-૧૨-૨૦૧૯ થી તા. ૧૪-૦૧-૨૦૨૦

**પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં ધનુર્માસ ધૂનનો લાભ લેવા સમસ્ત સત્સંગને રૂડું આમંત્રણ છે.**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને પૂજનીય સંતો અને વહાલા હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં અને હવેલીમાં પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની નિશ્રામાં સમસ્ત બહેનોની ઉપસ્થિતિમાં ધનુર્માસ ધૂન મહોત્સવ ઉજવાશે. સમગ્ર માસ દરમ્યાન કડકડતી ઠંડીમાં આપણા ઈષ્ટદેવશ્રી સ્વામિનારાયણ ભગવાનના મહામંત્રનો જાપ લેવાનું આપણને સદ્‌ભાગ્ય મળ્યુ છે. તો પરિવાર સહિત આવો અલૌકિક અને દિવ્ય લાભ લેવાનું ચૂકતા નહીં. આખો દિવસ તો નોકરી, ધંધા રોજગારમાં ક્યારે સમય મળે અને ભગવાનને સંભારવાનું બને ! આ એકજ અવસર એવો છે કે સમયસર ટાઈમ ટેબલ પણ સચવાય અને ભગવાનનું નામ લેવાય અને તે બહાને વહેલા જાગવાનું નિયમ પણ થાય ખરૂને ભક્તો ! અને હા, યજમાન બનવાનો પણ લાભ લેવાય.

- મહંત સ્વામી

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી અમૃત વચનો

- સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

**જયપુર મંદિર પંચદશાબ્દી મહોત્સવ અને બાળધૂન મંડળ સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે તા. ૧-૯-૨૦૧૯ :** હમણા સ્વામીએ સરસ વાત કરી, સિદ્ધાંત બાબતની, એ વાત મેં અગાઉ ઘણા વર્ષો પહેલા ભૂજમાં પાટોત્સવ પ્રસંગે કરેલી, જ્યાં એ સમયે મેતપુરના ભક્તો દર્શનાર્થે આવેલા, એ જ વાત ફરીથી યાદ કરું છું. **જ્યાં સુધી દેવનું ન હોય ત્યાં સુધી દ્રવ્ય આપવું નહીં. આ સિદ્ધાંતની બાબત છે. દસ્તાવેજ દેવનો હોવો જોઈએ કારણ કે મહારાજે કહ્યું છે કે જે હોય તે લેખિત કરવું.** ગમે તેટલું હોય ગમે તે હોય, નજીકના સગા સંબંધી હોય તો પણ લેખિત ન હોય તો કાલ ઉઠીને ઝઘડો-ડખો થાય અને આપણે જોઈએ છીએ દુનિયામાં ઘણા ખરા ઝઘડા-કંકાસ મહારાજની આ આજ્ઞા લોપવાથી જ શરૂ થાય છે. માટે એ સિદ્ધાંત જાળવજો. સંતોની પ્રેરણા-માર્ગદર્શન નીચે તમે દ્રવ્ય આપો છો એ તો બરોબર છે પરંતુ મન અને તનની સેવા પણ નાની ન કહેવાય અને મોટામાં મોટી સેવા એ સમયની સેવા છે કારણ કે આજે કોઈને કોઈના માટે સમય નથી. નથી બાપને દીકરા માટે સમય કે નથી ભાઈને ભાઈ માટે સમય ! જ્યારે અહીં તમે મંદિર માટે, દેવ માટે અને સંતો-ભક્તો માટે સમય કાઢી રહ્યા છો એટલે ધન્યવાદને પાત્ર છો.

સિદ્ધાંતની વાત કરતા હતા તો દશકો સુધી વહીવટ કર્યો છે, જવાબદારી નિભાવી છે. આ સાગરિતો ફલાઈટમાં સાથે હતા અને અત્યારે સભામાં બેઠા છે તેઓ જાણે છે કે જ્યાં મંદિરમાં પ્રતિષ્ઠાની તારીખ આવે એ પહેલા તેના કાગળો, દસ્તાવેજ અને બાંધકામ બધું સંપૂર્ણ ક્લીયર હોય પછી જ મારી ડાયરીમાં નોંધણી થાય છે અને એક વાર નોંધણી થઈ જાય પછી આભ ફાટે કે ભૂકંપ આવે તો પણ હું જઉં છું. પરંતુ દેવનું હોવું જોઈએ એ આગ્રહ રાખ્યો છે અને એ જ બાબત મહત્વની છે. તમે સૌએ પણ આ સિદ્ધાંત જાળવ્યો છે અને જાળવજો. ભવિષ્યની પેઢીમાં પણ એ સંસ્કાર જળવાઈને રહે એ માટે મારી આપ સૌને વિનંતી છે. મારે ટકોર કરવી પડે છે. શા માટે ? તો અહીંથી ઉઠીને બહાર જઈએ એટલે ફરી પાછું ક્યારેય ભૂલી જવાય એટલે તો મહારાજે કહ્યું છે ને કે આ શિક્ષાપત્રીનો નિત્ય પ્રત્યે પાઠ કરવો આ ૨૧૨ શ્લોકમાં ઘણાને એમ થાય કે શું રોજ ઉઠીને એકનું એક વાંચવું ! **પરંતુ મહારાજનો મૂળ આગ્રહ એટલા માટે છે કે નિત્ય પ્રત્યે પાઠ કરવાથી સતત મનન ચાલુ રહે અને તેથી આજ્ઞા કે સિદ્ધાંત ભૂલી ન જવાય.**

તમે સૌ વ્યવસાય અર્થે મેતપુરથી અહીં આવીને વસ્યા અને ખૂબ પ્રગતિ કરી. **મહારાજે બે દેશ વહીવટી ધોરણે - વહીવટી સરળતા માટે કર્યા છે બાકી કોઈ ભેદ નથી.** તમને ખ્યાલ હોય કે ન હોય પરંતુ જાણીને આશ્ચર્ય થશે કે ન્યુઝિલેન્ડ અને ઓસ્ટ્રેલીયાથી શરૂ કરીને છેક નોર્થ - વેસ્ટ કેનેડા અને અમેરિકા સુધી આપણા મંદિરોમાં વહીવટ માં પ્રેસિડેન્ટો (પ્રમુખો) અને કમિટી મેમ્બરો (સભ્યો) તરીકે ૯૦% જેટલા વહીવટકર્તાઓ વડતાલ દેશના છે. જેની આજ સુધી અમને તો કોઈ ખબર જ નથી. અમારા મનમાં તો કોઈ ભેદ જ નથી. શા માટે ? તેઓ જેટલા પણ છે એ બધા દેવના છે. દેવના હોય એટલે પછી ભેદ આવતો જ નથી. સીમા રેખા અને લીટા આપણા સ્વભાવે કરીને દોરાયા છે. લીટીઓ આપણા મગજની છે. **મહારાજે ક્યાંય ભેદ નથી પાડ્યો. પ્રતિષ્ઠા સમયે એકમાં ઐશ્વર્ય વધારે મૂક્યું હોય અને બીજામાં ઓછું મૂક્યું હોય અથવા મહારાજે એવું કહ્યું હોય કે આ મૂર્તિમાં વધારે રહીશું અને આ મૂર્તિમાં ઓછા રહીશું એવા Percentage (ટકાવારી પ્રમાણ દર) આપ્યા હોય એવું મે કોઈ કથામાં સાંભળ્યું નથી તેમજ શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન કે સત્સંગિભૂષણ આદિક કોઈ શાસ્ત્રોમાં ક્યાંય વાંચ્યું નથી. ભેદ આપણા છે. ભેદ ભગવાનમાં ક્યાંય નથી.**

(જયપુરના ગોવિંદજી મંદિરના ગાદીપતિ અંજનીકુમાર ગોસ્વામીજી પધારે છે એ પ.પૂ. મહારાજશ્રીનું પુષ્પમાળા, ઠાકોરજીના ખેસ તથા પ્રસાદથી ભાવપૂજન કરે છે) अंजनीकुमार आप को प्रणाम बिराजिये । भगवान की कृपा और आपके प्रयास एवम् प्रेरणा से हमे जिस भगवान के सांनिध्य में बैठ के कथा श्रवण कर रहे है उसके लिये आपको हृदय से धन्यवाद ।

हमारा मुख्य शास्त्र शिक्षापत्री में स्वामिनारायण भगवानने सबसे पहले मंगलाचरण करते हुए लिखा है।

वामे यस्य स्थिता राधा श्रेच्च यस्यास्ति वक्षसि ।

वृन्दावनविहार तं श्रीकृष्णं ह्रदि चिन्तये ॥

(હું જે તે મારા હૃદયને વિષે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું. તે શ્રીકૃષ્ણ કેવા છે, તો જેના ડાબા પડખાને વિષે રાધિકાજી રહ્યા છે અને જેના વક્ષઃ સ્થળને વિષે લક્ષ્મીજી રહ્યા છે. અને વૃન્દાવનને વિશે વિહારના કરનારા છે) वो गोविंदजी भगवान के सांन्निध्यमें हम यहां बैठे है।

વાત એ હતી કે દુનિયાના ખૂણા ખૂણામાં વહીવટમાં દેવના હોય પછી એ ગમે તે દેશના હોય પરંતુ તેમાં ભેદ નથી અને મારે એ જ જોવું છે. આપણે ધામની વાત રોજ કરીએ છીએ. કરીએ છીએ ને ? ડોકા હલાવો તો ખબર પડે ! હા ! ધારો કે આપણો દેહ પડે અને ધામમાં જઈએ તો ત્યાં ભાગલા પાડ્યા છે ? ભાગ પાડ્યા છે ત્યાં ? નહી ! તો પછી અહીંયા ભાગલા પાડવાની શું જરૂર છે ? મને તો સમજણ નથી પડતી ! **ભાગલા આપણા મગજના છે. ભાગલા આપણા સ્વભાવે કરીને પાડ્યા છે. બાકી ભાગ પાડે એ ભગવાન ન હોય, એક કરે એ ભગવાન હોય આ સનાતન સત્ય છે. ભગવાનના સ્વરૂપમાં ભેદ ન જાણવો.**

મહારાજે શિક્ષાપત્રીમાં ત્યાં સુધી લખ્યું છે કે,

दष्ट्वा शिवालयादीनि देवागाराणि वर्त्मनि ।

प्रणम्य तानि तद्देवदर्शनं कार्यमादरात् ॥

અને માર્ગને વિષે ચાલતે શિવાલયાદિક જે દેવ મંદિર આવે, તેને જોઈને તેને નમસ્કાર કરવો અને આદર થકી તે દેવનું દર્શન કરવું. ભગવાનની આજ્ઞા છે. કોઈને તકલીફ હોય કે અમે શું કરવા નમસ્કાર કરીએ ? તો એ એની વ્યક્તિગત માન્યતા છે. **ભગવાનના અવતારો હોય કે સાત્વિક દેવ દેવી હોય તેનું આદર થકી પૂજન નમસ્કાર થવા જોઈએ એ આપણો ધર્મ છે અને એ સિદ્ધાંત ને વળગીને રહેવાય એમાં જ સુખ છે.**

તમે સૌ અહીં આવીને વસ્યા છો. સારું છે. આપણે અહીં જગ્યા લીધી છે. નારણસ્વરૂપ સ્વામીને જવાબદારી સોંપી છે. તેમાં તમારે સૌએ સહયોગ આપવાનો છે. ભગવાને તમને આપ્યું છે તો ભગવાનના કાર્યમાં વાપરવાનું છે. હું નથી કહેતો તમારા માપથી-શક્તિથી બહાર કે ઉધાર કરીને આપો. કોઈને મંદિરના પગથિયા ચડાવવા સુધીમાં આંગળી ચિંધ્યાનું પણ ભક્તને ફળ છે. શાસ્ત્રની જ આ વાત છે બહારથી આવ્યા છો તેને નથી કહેતો પરંતુ સ્થાનિક જેઓ હોય તેઓને ભલામણ કરું છું. આજ્ઞા નથી કરતો. તમારું છે, તમારે જ ઉપયોગ કરવાનો છે. દેવનું છે. નારણ સ્વામી ! ધકો મારજો, પ્રેરણા કરજો, સંતો સાથે હેત રૂચિ હોય તેઓને અસર થાય જ ! નારણ સ્વામી થોડા ટેન્શનમાં હતા, હવે રિલેક્સ થઈ ગયા છે. ભગવાન જેવા ભગવાન બેઠા છે, પછી ચિંતા શું કરવી ? કોઈ કામ અટક્યું છે આપણું આજ સુધીમાં ? **ભગવાનનો વિશ્વાસ અને ભગવાનનું બળ હોય તો શું ન થાય ?** નહી થાય એવો વિચાર આવે તો એ દિવસે ઉપવાસ કરી દેવો. દેવના આશ્રયે બેઠા છીએ અને દેવના થઈને રહ્યા છો અને રહેવાનું છે.

મેતપુર બાળધૂન મંડળને ૫૦ વર્ષ થયા એ તો બરોબર છે પરંતુ હવે બીજા ૫૦ વર્ષ જોવાના છે. આપણે તો આ દેવ મૂકીને ક્યાંય જવાના નથી. પરંતુ ભાવિ પેઢીમાં એ સંસ્કારો જળવાય રહે એ માટે મંદિરમાં તો ભગવાન છે જ પરંતુ એજ ભગવાન તમારા ઘરમાં છે અને એ જ ભગવાન તમારા હૃદયમાં છે એ વાતાવરણ આપવું પડશે. **ઘરનું વાતાવરણ શુધ્ધ, સાત્વિક અને પવિત્ર હશે તો બાળકો પર અસર થશે. ઉપદેશ તો કામ લાગતો જ નથી.** આપણે જ્ઞાની, દયાની કે બહુ મોટા ભક્ત છીએ તેવું માનવાથી કામ થવાનું નથી. બાળકોને મંદિરે લાવવા હશે તો તેને અનુકૂળ આપણે થવું પડશે. સુવિધા આપીશું અને અનુકુળ થઈશું તો કાર્ય થશે. રામ સ્વામીને ખ્યાલ છે આ વાત મેં ઘણીવાર કરી છે. એક જગ્યાએ મંદિરની અંદર કથા ચાલતી હતી. હું મંદિરની બહાર નીકળ્યો ત્યારે ત્યાં ૭-૮ વર્ષના બાળકો રમતા હતા. તોફાન, મસ્તી કરતા હતા. મેં તેઓને કહ્યું કે મંદિરની અંદર આવવા માટે તમારે શું જોઈએ છીએ ? આપણે બાળકોને પૂછવું પડશે. **Reverse** (વિપરીત) ચાલવું પડશે. તમારો સત્સંગ તો જૂનો છે. મેતપુરમાં હું ઘેર ઘેર ગયેલો છું. એટલે વધારે કંઈ કહેવાનું નથી. પરંતુ વાતાવરણ એવું રાખજો કે બીજા ૫૦ વર્ષ પછી બીજો ઉત્સવ થાય અને ત્યારે હું ન આવું તો લાલજી મહારાજ આવશે. દેવનો દસ્તાવેજ હોય તેવા આપણા ૪૦૦ જેટલા મંદિરો થયા હશે. દેવનો દસ્તાવેજ ન હોય તો પછી પૂર્ણાહુતિ થઈ જાય, શ્રીપતિ શ્રીધરમ્.... થઈ જાય.

આટલું કહી પ.પૂ. મહારાજશ્રીએ સૌને અંતઃકરણ પૂર્વક રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

# સર્વૈરપિ યથાશક્તિ ભાવ્યં દીનેષુ વત્સલૈઃ

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ (અમદાવાદ)

શ્રીશિક્ષાપત્રી શ્લોક ૮૩ માં શ્રીહરિની આજ્ઞા.... પોતાના સામર્થ્ય પ્રમાણે દીનજનને વિષે દયાવાન થવું એ આ સંપ્રદાયના સત્સંગીમાત્રની સમાજ પ્રત્યેની ઉદ્દાત ભાવના ફરજ વ્યક્ત કરે છે. આ શિક્ષાપત્રી સર્વજીવ હિતાવહ છે તેની પ્રતિતિ થાય છે. શિક્ષાપત્રીમાં કરેલી આજ્ઞાઓ આ જીવના આ લોક તથા પરલોકમાં હિતાર્થે છે આજે જગતમાં લોભ અન લાલચથી પ્રેરાઈને આ જીવ ધન-સંપત્તિ એકઠી કરવામાં દિન રાત લાગ્યો રહે છે અને દુઃખી થાય છે. લોભ, અસંતોષ અને અવિશ્વાસની માત્રા આ મનુષ્યમાં એટલી ઉંડી ઉતરી ગઈ છે કે જીવનનો અંત સમય નજીક દેખાતો હોવા છતાં, પોતાની સંપત્તિ પોતાના સંતાનોને પણ આપતો નથી, તે સમાજને તો આપે જ ક્યાંથી ! આવા સાંપ્રત સમયના માહોલમાં શ્રીહરિની શ્લોક-૮૩ માં કરેલી આજ્ઞા સત્સંગીમાત્રને એક ઉચ્ચત્તમ વ્યક્તિત્વ પુરું પાડે છે.

શ્રીહરિએ જ્યારે ધર્મની ધુરા સંભાળી ત્યારે પોતે સૌથી પહેલાં પોતાના ગુરુ પાસેથી બે વરદાન મેળવેલાં અને તે પણ, પોતાને અર્થે નહિ આ લોકના સર્વે જીવોના સુખને અર્થે.

**કૃષ્ણભક્ત જો પૂર્વેને કર્મે રે,**
**પામે અન્નવસ્ત્ર પરિશ્રમે રે ।**
**તેનું દુઃખ આવે મુજ માંય રે,**
**એહ સુખમાં રહે સદાય રે ॥**
(ભ.ચિં.પ્ર. ૪૭, કડી ૨૦)

પોતે પોતાને અર્થે જીવવાને બદલે પરોપકારાર્થે જ જીવવું અને કર્તવ્ય કરવું એ તેમના જીવનનો પાયાનો ઉપદેશ છે. શ્રીહરિએ જીવન દરમ્યાન ધર્મોપદેશની સાથે સાથે સમાજના ઉત્થાન અર્થે સદાવ્રતો જેવી ઉમદા પ્રવૃત્તિઓનું પ્રવર્તન કરેલું. અને આજે પણ સંપ્રદાયના મુખ્ય મંદિરોમાં મંદિરના રસોડે નાત-જાત, ગરીબ-તવંગર, ઉંચ-નીચના ભેદ વગર સમાજના તમામ મનુષ્યો એક સાથે એક સરખી પ્રસાદી લે છે તે જ વાત સંપ્રદાયને અનેરું ગૌરવ બક્ષે છે.

શ્રીહરિ એક વખત દિવાળીના દિવસે કારીયાણીમાં સભા કરીને બિરાજમાન હતા ત્યારે પ્રેમી હરિભક્તોએ ભારે ભારે વસ્ત્રાભૂષણથી શ્રીહરિની પૂજા કરી તે શ્રીહરિએ અંગીકાર કરી અને તે જ વખતે ત્યાં દીનાનાથ ભટ્ટ નામના વિદ્વાન બ્રાહ્મણ આવ્યા એટલે શ્રીહરિએ તમામ વસ્ત્રાલંકાર તે બ્રહ્મબંધુને આપી દીધાં ! પોતે ભગવાન છે, રાજાધિરાજ છે તે કોઈનું લેવા બેઠા નથી, આપવા બેઠા છે. યોગ્ય પાત્ર મળે તો તરત જ આપી દેવું તેમાં કોઈની રાહ ન જોવી (કા.-૬ વચનામૃત)

નિત્ય લીલાચેષ્ટાના પદોમાં પ્રેમાનંદ સ્વામી લખે છે :

**અતિદયાળુ રે, સ્વભાવ છે સ્વામીનો,**
**પરદુઃખહારી રે, વારી બહુનામીનો**
**કોઈને દુઃખીયો રે, દેખી ન ખમાયે,**
**દયા આણી રે, અતિ આકળા થાયે**
**અન્ન ધન વસ્ત્રે રે, આપીને દુઃખ ટાળે,**
**કરુણાદષ્ટિ રે, દેખી વાન જ વાળે.**

આમ શ્રીહરિનું વર્તન-આચરણ એ જ તેમનો ઉપદેશ છે. પોતાના આશ્રિત જનને શ્રીહરિ આજ્ઞા કરે છે દીન-ગરીબ વ્યક્તિઓ પરત્વે પોતાના સામર્થ્ય પ્રમાણે જરૂર દયાવાન થાવું. તેને કંઈપણ આપીને તેના દુઃખમાં મદદરૂપ થવાનો પ્રયત્ન કરવો. શ્રીહરિ વચનામૃત વરતાલ-૧૧ માં પોતાની વાત કરતાં કહે છે કે, અમારો તો એવો સ્વભાવ છે જે એક તો ભગવાન, બીજા ભગવાનના ભક્ત ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશે બીયે છીએ જે રખે એમનો દ્રોહ થઈ જાય નહિ અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી.

પોતે તો સર્વાવતારી પુરુષોત્તમનારાયણ હોવા છતાં પણ ઉપરોક્ત વચનો ઉચ્ચાર્યા છે તે જ આપણને ઘણો ઉપદેશ છે. આજના સ્વાર્થ-કપટ યુક્ત જમાનામાં ત્રાહિત વ્યક્તિઓના કાર્યમાં મનુષ્ય ''મારે શું ? અને મારું શું ?'' એ ભાવનાવાળો થઈ ગયો છે અને સ્વકેન્દ્રિ બની ગયો છે. ત્યારે શ્રીહરિની શિક્ષાપત્રી શ્લોક-૮૩ ની આજ્ઞા

આશ્રિતમાત્રને પરદુ:ખહારી બનવા જણાવે છે. આપણે જેટલો પ્રયત્ન બીજાનું દુ:ખ ઓછું કરવા પ્રયત્ન કરીશું તેનાથી હજારગણો પ્રયત્ન ભગવાન આપણું દુ:ખ હરવા-ઓછું કરવા માટે તત્પર છે. પણ આ વાત આપણને સમજાવી જોઈએ.

ગરીબ-નિ:સહાયના નિસાસા પ્રત્યે જણાવતાં તુલસીદાસજી લખે છે,

**તુલસી હાય ગરીબકી, કબુ ખાલી ન જાય,**
**મુએ ઢોર કે ચામસે, લોહા ભસ્મ હો જાય.**

ગરીબના નિસાસાથી ગમે તેવા સુકૃત્યોનો નાશ થતાં વાર નથી લાગતી. માટે ભગવાને આપણને જે અને જેટલું આપ્યું હોય તેમાંથી કિંચિત પરોપકાર્થે જરૂર વાપરવું. ધનસંપત્તિ ભેગી કરવા માટે તો આખું જીવન છે, ઘણો સમય છે પણ યોગ્ય પાત્રને આપવા માટે યોગ્ય ઘડી વારે વારે મળતી નથી. તે ટાણું ચૂકી જવાય પછી તે સંપત્તિનો કોઈ અર્થ નથી સંપત્તિના ઢગલા પર બેઠેલી વ્યક્તિ અંગે લખતાં કવિ કહે છે કે,

**ઊંચ ભયો તો કા હુઓ, જેસે પેડ ખજૂર,**
**મુસાફીર કો છાયા નહિ, ફૂલ લાગે અતિ દૂર.**

જે સંપત્તિ અન્યના કામમાં આવતી જ નથી તે તદ્દન નિરર્થક છે સત્તા અને સંપત્તિ જીવનમાંથી ક્યારે ચાલી જાય છે તે કાંઈ નક્કી નથી હોતું, પરંતુ જ્યાં સુધી તે આપણા હાથમાં હોય ત્યાં સુધી તેનો ઉપયોગ કરીને આપણે આ લોક અને પરલોકમાં આપણું શ્રેય અને પ્રેય થાય તેવાં સુકૃત્યો કરી લેવાં.

આ જીવનો એવો સ્વભાવ છે કે તેને પરમાત્મા પાસેથી માગતા પણ આવડતું નથી. હિરણ્યકશ્યપ જેવા કંઈક લોકોએ દેવો પાસેથી વરદાન શાસ્ત્રો માગ્યા પણ અંતે એમાંનું કાંઈ કામ લાગ્યું નથી, લાગતું નથી એ બધો ઈતિહાસ આપણને ખબર છે. ભગવાન શ્રીહરિએ તો આપણને શું માગવું એ પણ ગ.પ્ર.-૪૮ વચનામૃતમાં શિખવાડ્યું છે. તે સમજણ રાખવી. અજ્ઞાની જીવો મંદિરમાં ઠાકોરજી આગળ બે હાથ જોડી ધન-સંપત્તિ માગ્યા કરે છે. આ તો એવી પ્રતિતી કરાવે છે કે મંદિરની અંદર અને બહાર બંને બાજુએ ધન-સંપત્તિના ભિખારીઓ જ છે ! અંદર પૈસાદાર ભિખારીઓ અને બહાર નિર્ધન ભિખારીઓ. એક બહાર વાટકી લઈને બેઠા છે અને બીજા સારી રીતે પગે લાગીને અંદર ઉભા છે, પણ બંનેની માગણી તો એક જ છે કે હે ભગવાન ! મને કંઈક આપો !! આપણે આવા ન થવું. ભગવાન મળ્યા છે, રાજાના કુવર છીએ, પુરુષોત્તમ નારાયણની ગળે મંગળસૂત્રરૂપી કંઠી છે અને સૌભાગ્યના ચિહ્નરૂપ તિલક-ચાંલ્લો કપાળમાં છે તે આપણા પુણ્યનો પાર નથી. ધર્મદેવના શબ્દો લખતાં નિષ્કુળાનંદ સ્વામી ભ.ચિ.પ્ર.-૧૩, કડી-૪૬ માં નોંધે છે કે,

**માટે સુખ દુ:ખ લખ્યું જે ભાલ રે,**
**મટે ઘટે નહિ એક વાલ રે ।**
**દેવ ઋષિ રાજાથી ન મટે રે,**
**જેને જેવું લખાણું છે ઘટે રે ॥**

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ એક વખત જણાવેલ પ્રસંગ અત્રે ટૂંકમાં જણાવું છું. તેઓશ્રી લાલજી સ્વરૂપે હતા ત્યારે વહેલી સવારે ૫-૦૦ વાગે એક વખત ધર્મકાર્ય અર્થે બહારગામ જતા હતા. પોતે જે ગાડીમાં હતા તેની આગળ બીજી ગાડીમાં મંદિરના સંતો પણ હતા, આટલી વહેલી સવારે બંને ગાડીઓ રેલ્વેના એક ફાટક પાસે, ફાટક બંધ હોવાથી ઉભી હતી. ત્યાં એક વૃધ્ધ સંતોની ગાડી પાસે ગયો, હાથ જોડીને યાચના કરતો કરતો થોડીવાર પછી તે લાલજી મહારાજશ્રીની ગાડી પાસે આવ્યો અને કંઈપણ બોલ્યા વગર હાથ જોડીને યાચના કરવા લાગ્યો. બાળ અવસ્થાને કારણે લાલજીશ્રી ખિસ્સામાં કંઈ પણ રાખતા નહિ તેથી તેને કશું આપી શક્યા નહિ તેથી તેને નમસ્કાર કર્યા એટલે તે વૃધ્ધ ત્યાંથી ખસીને રોડની બાજુએ ઉભો રહ્યો. એ વખતે આટલી વહેલી સવારે કચરો-પ્લાસ્ટીક વીણનાર એક બાઈએ આ જોયું. તેણે પોતાની પોટલીમાંથી વીંટાડેલાં પાંચ રૂપિયા કાઢીને તે વૃધ્ધને આપ્યા ! અને આ આખો એપિસોડ નિહાળીને લાલજીશ્રીનું હૃદય પીગળી ગયું અને બોલ્યા કે, ‘‘મને આજે ખબર પડી કે ભિખારી કોણ છે !’’ પોતે સંજોગોવસાત્ તેને કશું આપી ન શક્યા તેનું દુ:ખ તેમના દિલમાં ઉંડે સુધી ઉતરી ગયું અને તે દિવસથી આજ દિન સુધી તેમના પ્રત્યે જે કોઈ હાથ લંબાવે છે તેને તેઓ ખાલી જવા નથી દેતા. મુઠ્ઠી ભરીને રૂપિયા આપતાં તો અનેક લોકોએ અનેક વખત તેઓને જોયા છે.

(અનુ. પેજ નં. ૨૩ પર)




# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

આ વર્ષે જેમ ગરમી અને વરસાદ ખૂબ પડ્યા તેમ ઠંડી પણ અતિશય પડશે તેવી આગાહીનો ગણગણાટ લોકોમાં વર્તે છે. અને એ પડનારી ભીષણ ઠંડીના ઉકેલ માટે લોકો હીટર જેવા અદ્યતન સાધનો પણ વસાવી દેશે. પરંતુ આજથી સવા બસો વર્ષ પહેલા શ્રીજી મહારાજના સમયે પડતી કાતિલ ઠંડીને સહન કર્યા સિવાય કોઈ ઉપાય નહોતો અરે વિજળી જ નહોતી તો ઈલેક્ટ્રીક સાધનોની તો ક્યાં કલ્પના કરવી.

શ્રીજી મહારાજ એવી કાતિલ ઠંડીમાં પણ ભક્તોને રાજી કરવા દેશ દેશાંતરમાં વિચરણ કરતાં અને સત્સંગીઓને પોતાના દર્શનનું સુખ આપતાં અને ઠંડીના રક્ષણ માટે તાપણું કરતાં, સગડી રાખતા અને આ લાલ તથા વાદળી રંગની કોટન કાપડની સોનાના તારથી ગૂંથેલી બનાતની ટોપી ધારણ કરતાં. સ.ગુ. પ્રેમાનંદ સ્વામીએ પોઢણીયામાં તેનો ઉલ્લેખ કર્યો છે. હેતના ટેભા લઈ કોઈ હરિભક્તે હેત પૂર્વક ભેટ ધરેલી આ ટોપી શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમનાં હોલ નંબર-૬ માં દર્શનાર્થે રાખેલ છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન** (ફક્ત વોડાફોન ધારકો માટે)

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - નવેમ્બર-૧૯

| | |
|---|---|
| તા. ૧-૧૧-૨૦૧૯ | કિશનભાઈ ભગવાનભાઈ પટેલ ( મેલાણીયા) બીલીયા |
| તા. ૧૬-૧૧-૨૦૧૯ | રોનક સતીષભાઈ પટેલ - યુ.એસ.એ. |
| તા. ૧૭-૧૧-૨૦૧૯ | ધીરજલાલ નાગરદાસ પટેલ - મેમનગર |
| તા. ૨૦-૧૧-૨૦૧૯ | લાલજીભાઈ ગણેશભાઈ પટેલ - ભાઉપુરાવાળા |
| તા. ૨૪-૧૧-૨૦૧૯ | સવારે : અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી માધવપ્રસાદદાસજી અને અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરગોવિંદદાસજી - હ. પ્રવિણભાઈ નટવરભાઈ પટેલ - કુહાવાળા - પ્રેરણા આનંદપ્રસાદ સ્વામી, ગુરૂપ્રસાદ સ્વામી.<br>બપોરે : જીતેન્દ્રભાઈ વી. પઢીયાર ( મીસ્ત્રી) - મુળી<br>પ્રેરણા : સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી (છપૈયા અને અયોધ્યા મહંતશ્રી) ગુરૂ સ્વામી જગતપ્રકાશદાસજી. |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - નવેમ્બર-૧૯

| | |
|---|---|
| રૂા. ૨૧,૦૦૦/- | અ.નિ. કાશીબેન રાવજીભાઈ નાગરદાસ પટેલ - અસલાલી |
| રૂા. ૨૧,૦૦૦/- | અ.નિ. રાવજીભાઈ ભાઈલાલભાઈ પટેલ - વહેલાલ |
| રૂા. ૧૧,૦૦૦/- | ડો. વસંતકુમાર મનજીભાઈ વાલુસાહેબ - નારણપુરા |
| રૂા. ૧૧,૦૦૦/- | જયંતીલાલ બબલદાસ મિસ્ત્રી - ચાંદખેડા |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. ડો. જગદીશચંદ્ર જેઠી - નારણપુરા |
| રૂા. ૫,૦૦૦/- | નિલકંઠ લેન્ડસ્કેપ એસોસીયેટ - ગાંધીનગર |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. નારાયણભાઈ શંકરભાઈ પટેલ - વાગોસણા |
| રૂા. ૫,૦૦૦/- | પટેલ મણીભાઈ શંકરભાઈ - વાગોસણા. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

## ત્રણ મિત્રો

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

ઘણીવાર આપણી માન્યતાઓ કે આપણી ધારણા હોય છે કે જેના દ્વારા આપણું કાર્ય ચાલતું હોય તે ૧૦૦% સાચું જ હોય તેવું માની શકાય નહિ. ઘણીવાર એવા પ્રસંગો બને એવી રીતની મુશ્કેલીનો સમય આવે ત્યારે આપણી માન્યતાઓ અને આપણી ધારણાઓ ખોટી સાબીત થાય છે. આવા સમયે આપણને પસ્તાવાનો સમય આવે છે. આ બાબત સમજવા માટે આ નાની વાત થોડી મદદરૂપ થઈ શકશે.

એક ભાઈને ત્રણ મિત્રો હતા. પણે તે ત્રણમાંથી બે મિત્રો ઉપર તેને ઘણો ભાવ અને આદર હતો. તે બંને ઉપર તે પ્રેમ પણ વિશેષ રાખતો તેની માન્યતા હતી કે આ બંને મિત્રો મારા સાચા મિત્રો છે અને ગમે તેવી મુશ્કેલીમાં પણ આ બંને મને ઘણા મદદરૂપ થઈ શકશે. જ્યારે જે ત્રીજો મિત્રો હતો તેના પ્રત્યે તેનું ધ્યાન બહુ જુજ હતું. તેની સાથે સંબંધ બગાડ્યો નહોતો પણ બહુ સંબંધ રાખતો પણ નહિ. ખાલી કામ પુરતી વાત. ક્યાંય મળી જાય તો બોલે ચાલે એટલું જ. સમય તો તેની ગતિ મુજબ ચાલતો જ રહે છે. બધા દિવસો કોઈના માટે પણ સમાન રહી શકતા નથી. એક એવો મુશ્કેલીનો સમય આ ભાઈને આવ્યો કે આ ભાઈને બચવાનો કોઈ રસ્તો ન દેખાડ્યો. તેને ખાત્રી થઈ કે હવે તેને ન્યાયાલયમાં ખસેડવામાં આવશે અને સજા થશે જ.

મુશ્કેલી આવી પડતાં તેને વિચાર થયો કે લાવો મારા મિત્રોની મદદ લઉં ને જેથી હું બચી શકું. સૌ પ્રથમ એ જેને સૌથી વધુ નજીકનો મિત્ર માનતો હતો તેની પાસે ગયો અને વિનંતી કરવા લાગ્યો કે તું મારી સાથે ન્યાયાલયમાં આવે તો હું સજાથી બચી શકું. પણ આશ્ચર્ય !! આ મિત્રે તો તેને ઘસીને ના પાડી દીધી. અને કહેવા લાગ્યો - ‘‘ન્યાયાલયની વાત તો બાજુએ રહી પણ હું તો તારી સાથે એક ડગલું પણ ચાલવા તૈયાર નથી. તારી પીડા તું ભોગવ.’’ આ વ્યક્તિ ઘણો દુઃખી થયો. તેની પાસે સમય ઘણો ઓછો હતો તેથી વધુ વાતચીત કર્યા વિના બીજા મિત્ર પાસે ગયો. તેને હતું કે આ મિત્ર કદાચ મદદ કરશે.

બીજા મિત્ર પાસે જઈને મદદ માંગી ત્યારે તે બીજો મિત્ર કહેવા લાગ્યો - ‘‘જો મિત્ર ! તું મુશ્કેલીમાં છે તે વાત સાચી. મને ઈચ્છા છે કે હું તને મદદરૂપ થાઉં પણ હું બહુ બહું તો તારી સાથે ન્યાયાલયના દરવાજા સુધી આવી શકું પણ તેથી આગળ તો તારે તારી રીતે જ સંભળવાનું રહેશે. ન્યાયાલયની અંદર આવવું તે મારા માટે શક્ય નથી.’’ બીજા મિત્ર દ્વારા પણ તેને આવી નિરાશા જ સાંપડી. બે બે મિત્રો કે જેને તે પોતાના ખૂબ જ નજીકના માનતો હતો તેની પાસેથી કાંઈ આશા ન જણાઈ, મદદ ન મળી ત્યારે તેને ત્રીજો મિત્ર યાદ આવે છે. સાથે સાથે એવો વિચાર પણ આવ્યો કે જે મિત્ર પ્રત્યે હું આટલો પ્રેમ રાખતો, એમનું ધ્યાન રાખતો તે બંને જીગરી મિત્રો એ તો મારો સાથ આપવા ઈન્કાર કરી દીધો. આ મિત્ર પ્રત્યે તો મેં કોઈ ધ્યાન આપ્યું જ નથી, તે મને મદદ કરશે કે કેમ ? પછી વિચારે છે કે જોવા તો દે, જે થાય તે.

આવો વિચાર કરી આ દુઃખી વ્યક્તિ ત્રીજા મિત્રની પાસે જઈને પોતાની મુશ્કેલી રજૂ કરે છે. જો જો હવે આ ત્રીજા મિત્રનો જવાબ. ત્રીજો મિત્ર કહેવા લાગ્યો. - ‘‘જો મિત્ર ! તારા જીવનની મુશ્કેલીના સમયે તેં મને યાદ કર્યો છે. તો તારા મિત્ર હોવાને લીધે મારી ફરજ છે કે તને મદદ કરવી. હું તારી સાથે ન્યાયાલયમાં આવીને તને બચાવવાનો પ્રયત્ન કરીશ.’’ બંને મિત્રો ન્યાયાલયમાં પહોંચ્યા. મિત્ર ન્યાયાલયમાં આવ્યો એટલું જ નહિ પણ પોતાના આ મિત્રને બચાવવા ન્યાયાધિશ સમક્ષ તેની તરફેણમાં જોરદાર બચાવ કરીને તેને નિર્દોષ સાબિત કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી. આ ત્રીજા મિત્રના લીધે આ વ્યક્તિ બચી ગયો. હવે તેને એક વાતનો બહુ પસ્તાવો થવા લાગ્યો કે હું જેને બહુ કામનો નથી તેમ માની ઉપેક્ષા કરતો હતો તે જ મારો સાચો મિત્ર હતો કે જેણે મને મુશ્કેલીના સમયે મદદ કરી.

મિત્રો ! આ વાતનો આધ્યાત્મિક મર્મ ખૂબ જ જરૂરી છે. તો હવે તેના વિશે જાણીએ.

મનુષ્યના જે ત્રણ મિત્રો છે તે અનુક્રમે ૧ સંપત્તિ, ૨. સંબંધીઓ અને ૩. સત્કર્મો છે. આપણે આખી જીંદગી પહેલા બે મિત્રોનું જ ધ્યાન રાખીએ છીએ. તેની જ સંભાળ રાખીએ છીએ પણ જે ત્રીજો મિત્ર છે સત્કર્મ તેની અવગણના કરીએ છીએ. મનુષ્ય માટે મુશ્કેલીનો સમય એટલે કે અંત સમય આવે છે ત્યારે પહેલો મિત્ર સંપત્તિ તે એક કદમ પણ સાથે ચાલતી નથી. મૃત્યુ થતાંની સાથે જ સંપત્તિ તેના મિત્ર એવા આ મનુષ્યને તરછોડી દે છે. બીજા મિત્ર એટલે કે સગા-સંબંધીઓ સ્મશાન સુધી જ સાથ આપે છે. પણ પછીથી તે પણ સાથ છોડી દે છે. પણ ત્રીજો મિત્ર કે જેના પ્રત્યે પહેલાથી જ અવગણના રહે છે તેવા સત્કર્મો છેવટ સુધી તેનો સાથ આપે છે. ઈશ્વરના ન્યાયાલયમાં આ સત્કર્મો રૂપ મિત્ર પ્રયત્નો કરીને મિત્રને નિર્દોષ સાબિત કરવાના પ્રયત્નો કરે છે. પણ મુશ્કેલી એ વાતની છે કે તે સમજણ આવતા આવતા આખી જીંદગી પસાર થઈ જાય છે.

જેટલું ધ્યાન મનુષ્ય સંપત્તિ કમાવા પાછળ, તેને સાચવવા પાછળ કે સગા-સંબંધીઓની આગતા-સ્વાગતામાં વહેવારમાં આપે છે તેટલું ધ્યાન ભજન-કીર્તન, કથા-વાર્તા, સેવા-ધ્યાન આદિક સત્કાર્યોમાં આપતો નથી પણ મુશ્કેલીના સમયે કોઈ બચાવી શકે એમ હોય તો તે માત્રને માત્ર ઉપર જણાવ્યા મુજબના સત્કાર્યો, સત્કર્મો જ છે.

મિત્રો ! સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી આપણને આ મનુષ્ય જન્મ પ્રાપ્ત થયો છે, આવો સત્સંગનો સારો યોગ પ્રાપ્ત થયો છે. ભજન-કીર્તન, કથા-વાર્તા, સેવા-સત્સંગના યોગ સહેજે સહેજે પ્રાપ્ત થાય તેવો સારો સમય છે. તો જીવના સાચા મિત્ર એવા આ સત્કર્મો દ્વારા જો ભગવાનને રાજી કરી લઈશું તો જીવનો મોક્ષ સહેજે સહેજે થઈ જશે.

●

**ભજનનો પ્રતાપ**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ભગવાનના નામનો અપરંપાર મહિમા છે. નામ સ્મરણ સતત ચાલુ રાખે તેનું મન નિર્મળ બની જાય છે. જીવના અંતરશત્રુ એવા કામ, ક્રોધ, લોભ અને સર્વ વિકારો ભગવાનના અખંડ નામ સ્મરણથી દૂર થઈ જાય છે. ભગવાનનું નામ એવું પ્રતાપી છે કે તે જીવની અંદર જડાઈ ગયેલી વિષય વાસનાને તોડી નાંખવાનું સામર્થ્ય ધરાવે છે. નામ સ્મરણ પાપ માત્રને બાળી નાંખે છે. અને અંતર મનને નિર્મળ બનાવી દે છે. આ પ્રસંગ આપણને નામસ્મરણના મહિમાની પ્રેરણા આપે છે.

રાજા-રજવાડાના સમયની આ વાત છે. મોટો રાજમહેલ, તેમાં રાજા-રાણી, તેમના સંતાનો રહેતા હતા. અને તેમની સેવા-ચાકરીમાં સેંકડો દાસ-દાસીઓ, સિપાહીઓ તહેનાત. બધાને સોંપવામાં આવેલી ફરજો પ્રમાણે સહુ કાર્ય કરતા.

એક કુટુંબ આ સેવા-ચાકરીના કાર્યમાં જોડાયેલું હતું. તે ભાઈ સિપાહીની ફરજ બજાવતો હતો અને તેની પત્ની રાણી દાસી તરીકેની ફરજમાં હતી. એ સમય એવો હતો કે રાણીઓ તેમજ રાજાની પુત્રીઓ વગેરે મોટા ભાગે ઓજલમાં રહેતા. સામાન્ય વ્યક્તિઓ તેમને જોઈ પણ ન શકે તેવો તેમનો પ્રોટોકોલુ હોય. એકવાર કોઈ કારણસર આ સિપાહી મહેલમાં ગયો હશે અને તેની નજર રાજાની સ્વરૂપવાન કન્યા પર પડી. નજર પડે એ તો કોઈ મોટી બાબત નહોતી પણ તે સિપાહી કન્યાનું રૂપ જોઈ મોહ પામ્યો અને તેના મનમાં કન્યાને પરણવાના વિચારો આવવા લાગ્યા. બુદ્ધિ અને મનના બગાડને લીધે તેને ખાવાનું ભાવે નહિ, કામમાં મન લાગે નહિ અને સતત કન્યાનું જ ચિંતન થવા લાગ્યું. તે જાણતો હતો કે રાજાની કુંવરી સાથે તેના લગ્નની કોઈ શક્યતા નથી છતાં પણ મોહ તેને વધુને વધુ દુઃખી કરવા લાગ્યો.

આ સિપાહીની પત્ની પતિવ્રતા સન્નારી હતી. તેને પોતાના પતિના બદલાયેલા વર્તન તથા મુખ પરની દુઃખની પરિભાષા પારખતાં વાર ન લાગી. પતિને દુઃખી જોઈ તેને પણ દુઃખ થયું. પતિને આ દુઃખી થવાનું કારણ પૂછતાં પતિ કહે છે કે મને એવો રોગ થયો છે, તેને મટાડવાનું કોઈ સાધન કે દવા કાંઈ નથી. સતત ચિંતનના કારણે ઝુરી ઝુરીને મારૂં મૃત્યુ થશે ત્યાં સુધી હવે હું સુખી નહી થઈ શકું.

હવે પરિસ્થિતિ વધુ વિપરીત થવા લાગી. સિપાહીને ભોજન ભાવે નહિ, ઉંઘ આવે નહિ. પત્ની વિચાર કરે છે,

જગતમાં અશક્ય કાંઈ છે નહિ. એવું તે ક્યું દુઃખ, એવો ક્યો રોગ છે જે મારા પતિને આટલો પરેશાન કરે છે. બહુ પૂછપરછ કરતાં પતિએ કહ્યું કે જો રાજકન્યા મને પરણે તો મારો રોગ દૂર થઈ શકે. હું તેના વગર રહી શકું તેમ નથી પણ કોઈ શક્યતા નથી. હવે તો આ વાત સાંભળી તેની પત્નીને પણ લાગ્યું કે પતિની વાત સાચી છે, કોઈ રીતે રાજકન્યા આમને મળી શકે તેમ તો છે નહી. પતિના ભવિષ્યની ચિંતાને કારણે પત્ની પણ દુઃખી દુઃખી રહેવા લાગી.

દાસીને આ રીતે દુઃખી જોઈ રાણીને નવાઈ લાગી. તેણે દુઃખનું કારણ જણાવવા દાસીને કહ્યું. શરૂઆતમાં તો વાત ટાળી પણ રાણીએ આગ્રહ કરતા પોતાના પતિના દુઃખના કારણે તે દુઃખી છે તે બાબતે પતિએ તેને કહેલી વાત તેણે રાણીને જણાવી.

રાણી જ્ઞાની હતી. તેણે વિચાર કર્યો. કોઈ એવો ઉપાય કરૂ કે જેથી આ સેવક કુટુંબમાં ઉભું થયેલું દુઃખ દૂર થઈ શકે. રાણીએ દાસીને કહ્યું, તારા પતિને હું મારી કન્યા આપવા તૈયાર છું પણ તે માટે મારી એક શરત છે, તે તારા પતિએ પુરી કરવી પડશે. તારા પતિએ છ માસ સુધી ગામની બહાર તપસ્વીના વેશમાં રહેવાનું. હું જે જમવાનું મોકલું તે જ જમવાનું અને આંખો બંધ રાખી સતત ભગવાનના નામનો જપ કરવાનો. કોઈપણ પ્રકારનું પાપ નહી કરવાનું. જો તારો પતિ આટલું નિયમ પાળે તો છ માસ પછી હું મારી કન્યા તારા પતિ સાથે પરણાવવા તૈયાર છું.

દાસીએ આ વાત તેના પતિને કહી. તે મોહાંધ થયેલો હતો તેથી તેણે છ માસ પછી રાજકન્યા મળતી હોય તો આ શરત પાળવા મંજુરી બતાવી. તે નકલી તપસ્વી બની ગામની બહાર બેસી આંખો બંધ કરીને નામસ્મરણ કરવા લાગી ગયો. રાણી એકવાર સાદું અને સાત્વિક ભોજન આપતી તે જમતો, બાકી આખો દિવસ પ્રભુ સ્મરણમાં સમય વિતાવવા લાગ્યો. શરૂઆતમાં તો વાસનાના વિચારોનું બળ વધુ રહેતું પણ નામસ્મરણની દિવ્ય શક્તિના લીધે ધીમે ધીમે તેના અંતરમાં ટાઢક થવા લાગી. તેના મન-બુદ્ધિમાં ધીમે ધીમે શાંતિ પ્રસરી. અને નામ સ્મરણની તન્મયતાને લીધે તેના અંતરમાં પરમાત્માના દર્શન થવા લાગ્યા. અને તે આધ્યાત્મિક આનંદમાં એવો મસ્ત બન્યો કે હવે તેને પરમાત્માનું નામસ્મરણનું વ્યસન પડી ગયું. તે ધન્યતાની લાગણી અનુભવવા લાગ્યો.

શરત પ્રમાણે છ માસનો સમય વિતી ગયો. જે સ્થળે આ સિપાહી તપસ્વી બની પરમાત્માનું સતત નામ સ્મરણ કરતો હતો તે સ્થળે રાણી પોતાની કન્યાને લઈને હાજર થયાં. અને કહેવા લાગ્યા, - ''જેના માટે તમે તપસ્વી થયા છો તે રાજકન્યાને હું તમારી પાસે લાવી છું.'' શરત પ્રમાણે હવે મારે મારી કન્યા તમને આપવી પડશે.''

ત્યારે આ સિપાહી કે હવે તે અંતરથી પણ નિર્મળ બન્યો હતો તે કહેવા લાગ્યો - ''હવે મને આંખો ઉઘાડવાની પણ ઈચ્છા થતી નથી. હું હવે ભગવાનના દર્શનમાં મગ્ન થયો છું. તમારી કન્યાએ મારી દીકરી સમાન છે. કોઈ રાજકુમાર સાથે તેનું લગ્ન થાય એ યોગ્ય છે. મારી ભૂલ માટે મને ક્ષમા કરો. તમે મને જે માર્ગ બતાવ્યો તે માટે હું તમારો આભારી છું.''

મિત્રો ! જોયું ને, કેટલો બધો મોહાંધ થયેલો દુઃખી થયેલો આ જીવ પણ સકામ ભાવે પણ સતત નામસ્મરણ ચાલુ કર્યું તો તેના મનના સર્વ વિકારો ટળી ગયા અને પાવન તથા જેના શરણે જવાથી બીજાના વિકારો પણ દૂર થાય તેવો પવિત્ર આત્મા તે બની ગયો.

આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ પણ સારંગપુરના ચોથા અને પાંચમાં વચનામૃતમાં વાસના ટાળવા માટેનો આજ ઉપાય વર્ણવ્યો છે જે આપણે વચનામૃતના પ્રસાદી શબ્દોથી જ જાણીએ.

● ભગવાનનો ભક્ત હોય તેને વાસનાનું બળ દેખીને હિંમત હારવી નહી ને આનંદમાં ભગવાનનું ભજન કર્યા કરવું અને વાસના ટાળ્યાના ઉપાયમાં રહેવું. અને ભગવાનને ભગવાનના સંતમાં દૃઢ વિશ્વાસ રાખવો..... (સાં.-૪)

● માહાત્મ્યે સહિત ભક્તિ હોય તો તેની વાસના પણ નિવૃત થઈ જાય અને કલ્યાણકારી ગુણ તે સર્વે આવીને હૃદયને વિષે નિવાસ કરીને રહે. તે માટે માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું સાધન છે..... (સાં.-૫)

આ વાતનું સતત અનુસંધાન રાખશું તો સદાય આનંદ આનંદ રહેશે અને ભગવાનના સુખની પ્રાપ્તિ થશે.

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર - હવેલી) ''સત્સંગ પકડી રાખશો તો જીવનમાં બધુ પ્રાપ્ત થશે''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

બધાને મહારાજના ચરિત્રોથી ભરપુર દિવ્ય કથા સાંભળવાનો પાંચ દિવસ સુધી લાભ મળ્યો ને ? તો શું માત્ર કથા સાંભળવાથી મહારાજ જીવનમાં આવી જાય ? તો ના આપણે એવા બનવું પડે. **આપણને આ 'સત્સંગ', 'શ્રી નરનારાયણદેવ', 'સત્શાસ્ત્રો' બધું 'કલ્પવૃક્ષ' સમાન મળ્યું છે. તેની છત્રછાયામાં રહેવાથી બધા સંકલ્પ સિધ્ધ થાય છે. અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.** જગતમાં કોઈ પણ એક સ્થળે જે લોકોને પહોંચવાનું હોય તો તે બધાનું લક્ષ્ય એક હોય છે. પણ જુદાં જુદાં રસ્તેથી પહોંચવાનું હોય છે. કેવી રીતે ? તો દા.ત. આપણે બધાએ અત્યારે અહિંયા હર્ષદ મંદિર પહોંચવાનું હતું તો બધાનું લક્ષ્ય એક જ હતું કે **'હર્ષદ મંદિર પહોંચવુ.'** પણ દરેક વ્યક્તિ જુદાં જુદાં વિસ્તારમાંથી આવતી હોવાથી જુદા જુદા રસ્તેથી અહિંયા પહોંચે છે. પણ મંદિરની નજીક આવતા બધાનો રસ્તો એક થઈ જાય છે. કેમ કે ? અહિંયા નજીકના ચાર રસ્તા આગળ બધા રસ્તા મળી જાય છે. તો એવી રીતે આપણા બધાનું લક્ષ્ય એક જ છે. **'ભગવદ્પ્રાપ્તિ'** પણ તેના માટે બધાના રસ્તા જુદાં જુદાં છે. કેમ કે ? કોઈને કીર્તન-ભક્તિ ગમે છે. કોઈને કથા-વાર્તા ગમે, કોઈને દાસત્વ ભક્તિ ગમે, કોઈને મંદિરની સાફ-સફાઈ કરવાની ગમે. આમ ભગવાન સુધી પહોંચવાના રસ્તા જુદાં જુદાં છે. પણ અહિંયા સત્સંગમાં આવ્યા પછી બધાના રસ્તા મળી જાય છે. જેમ આપણે અહિંયા આવવા માટે બધાને જે જોઈએ તે સાધનો મળી જાય છે. તેમ અહિંયા સત્સંગમાં આવ્યા પછી બધાને જે જોઈએ તે બધા સાધનો મળી જાય છે. જેને જેવી સેવા ગમે તે બધા રસ્તા મળી જાય છે. અર્થાત્ સત્સંગનો રસ્તો પકડી રાખશો તો જીવનમાં જોઈએ તે બધુ પ્રાપ્ત થશે. શ્રી નરનારાયણદેવના દર્શન માત્રથી આપણા જીવનના બધા કાર્યો પૂર્ણ થઈ જાય છે. પરંતુ એ દર્શન કેવી રીતે કરવાના? તો એ દર્શન કરતી વખતે આપણી અને શ્રી નરનારાયણદેવની વચ્ચે બીજું કાંઈ આવવું ન જોઈએ. ઘણી વખત એવું થાય છે કે આપણે દર્શન કરવા જઈએ છીએ ત્યારે આપણી નજર નીચી નમી જાય છે. ભગવાન પ્રત્યેના આદર ભાવથી નજર ઢળી જાય અથવા આપણે પંચાંગ પ્રણામ કરીએ ત્યારે આપણું મસ્તક ઝુકી જાય તેની વાત નથી એ તો બરાબર છે. સ્વાભાવિક છે કે આપણે મહારાજ સામે જઈએ એટલે આપણું મસ્તક ઝુકી જાય પરંતુ ઘણી વખત શું થાય છે કે આપણા જીવનમાં જાણતા અજાણતા આપણે કરેલા ખોટા કર્મો યાદ આવી જાય છે. એના લીધે શરમથી આપણી આંખ નીચી નમી જાય છે. **એ આપણા જીવનમાં થયેલી ભૂલોની યાદ અપાવે છે.** તો એ વખતે દુઃખી નહિ થવાનું કે ? આપણાથી થયેલી ભૂલનો આપણને સ્વીકાર થાય છે. મહારાજ આપણને એનો સંકેત આપે છે. તો એ સારી બાબત છે. કેમ કે ? **આપણાથી આપણી કરેલી ભૂલોનો સ્વીકાર થાય તો જ આપણે તેને સુધારી શકીએ ને ? તો એ ભૂલો સુધારી લેવાની અને વિચારવાનું કે આપણને જીવનમાં આપણી ભૂલ સુધારવાની તક મળી અને ફરીથી ભગવાન સામે આપણી નજર શરમથી ઝુકી ન જાય એવા બનવાનું.** ઘણાને તો પોતાનાથી ગમે તેવા મોટા ગુના થાય હોય ગમે તેવા ઘરમાં ઝઘડા કરીને મંદિરમાં આવ્યા હોય બીજાને દુઃખ અપાયુ હોય તો પણ ભગવાન સામે દર્શન કરવા આવે ત્યારે અંદરથી કાંઈ દુઃખ થતું નથી. તો એનો અર્થ એ છે કે ભગવાન તેમને સંકેત આપતા નથી કેમ કે ? ભગવાનને ખબર હોય છે કે આ વ્યક્તિમાં કાંઈ સુધારો થાય તેમ નથી. કેમ કે ? વ્યક્તિમાં દોષ હોય તો દૂર થાય. પરંતુ વ્યક્તિનો સ્વભાવ જ એવો થઈ ગયો હોય તો એ જલ્દી બદલાતો નથી. અને તે સ્વભાવના માધ્યમથી આપણું કર્મ સતત ચાલુ જ હોય છે. કેમ કે ? આપણી અંદર નિરંતર **'કામના'** ઉત્પન્ન થતી હોય છે. તેને પુરી કરવા માટે કાર્ય સતત ચાલું જ હોય છે. તેને પુરી કરવા માટે કાર્ય સતત ચાલું જ હોય છે. અને એ પ્રમાણે નિરંતર કર્મનું ફળ પણ મળે છે. અને ભોગવવાનું પણ થાય છે. **જન્મોજન્મથી આ ક્રિયા ચાલું જ છે અને એ**

**કર્મ આપણું પ્રારબ્ધ બની જાય છે.** એમાંથી અમુક એવા કર્મ હોય છે કે જે પુરુષાર્થ કરીને ટાળી શકાય છે. પણ અમુક એવા તીવ્ર પ્રારબ્ધ હોય છે કે જે પુરુષાર્થથી ટાળી શકાતા નથી. તો એવા પ્રારબ્ધને ટાળવાનો ઉપાય એ છે દા.ત. ધારો કે કોઈક ગુનેગાર હોય અને કોઈ દંડ થયો હોય અને સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હોય તો તે સજા તેને ભોગવવી જ પડે. કેમ કે ? સુપ્રિમ કોર્ટથી મોટી બીજી કોઈ કોર્ટ નથી પણ ધારો કે તે ત્યાંથી દેશના રાષ્ટ્રપતિને અરજી કરે અને રાષ્ટ્રપતિને યોગ્ય લાગે તો તેની સજા માફ થઈ શકે. તો તેવી રીતે **આપણા જે કર્મો પ્રારબ્ધ કર્મમાં પરિવર્તિત થઈ ગયા હોય અને તીવ્ર પુરુષાર્થથી પણ બદલાય તેમ નથી તો તેને ભગવાનની કૃપાથી ટાળી શકાય છે.** પણ તેના માટે ભગવાનની આજ્ઞામાં રહેવું પડે ભગવાનનું શરણ પકડી રાખવું પડે. માયારૂપી જાળ આખા જગતમાં ફેલાયેલી છે. પરંતુ ભગવાનના ચરણમાં રહે છે તે તેનાથી બચી જાય છે. જેમ માછીમાર પોતાની જાળ સમુદ્રમાં બિછાવે છે ત્યારે એ માછલી જાળમાં નથી ફસાતી જે માછીમારના પગ પાસે હોય છે. તો એવી રીતે આપણે પણ ભગવાનના ચરણ પાસે હંમેશા રહીશું અર્થાત્ ભગવાનનું ચરણ પકડી રાખીશું. સત્સંગ પકડી રાખશું તો આપણું રક્ષણ સહેજે સહેજે થઈ જશે. તો સતત જાગૃત રહેવાનું. ખૂબ સજાગ રહીને ભક્તિ કરવાની આપ સૌનો સત્સંગ ખૂબ વૃધ્ધિ પામે અને શ્રીહરિ આપ સૌમાં ખૂબ બળ પ્રેરે એવી શ્રીનરનારાયણદેવના ચરણોમાં અમારી પ્રાર્થના છે.

●

### પંચ વિષય

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

ભગવાન સંબંધી પંચવિષયોથી હૃદયમાં અજવાળું થાય છે અને જગત સંબંધી પંચવિષયોથી હૃદયમાં અંધકાર વ્યાપી જાય છે. પંચ વિષય જ્યારે હૃદયમાં આવે ત્યારે તરંગરૂપે આવે છે અને હૃદયમાં પ્રવેશ કર્યા પછી તેને જો તક આપો તો પડ્યા પડ્યા આટલાંટિક મહાસાગર જેવા વિરાટ બની જાય છે. આ જીવને ભગવાનનું સુખ નથી આવતું તેનું કારણ શું ? તો વિષયો અંદર રહ્યા છે. મનગમતા પંચવિષયોનો જોગ રાખશે તેનું ઠેકાણું નહિ રહે. માટે ભગવાનના ધામમાં જવું તેને વિષયને મારગે ચાલવું નહિ. અને ચાલતા હોય તેની સામે જોવું નહિ પંચ વિષયો ઝેર જેવા થાય ત્યારે ભગવાન ભજાય.

અનંત જન્મ થયાં ચોરાશીમાં રખડી-રખડીને માનવ દેહનો વારો આવ્યો. પરંતુ ચોરાસીમાં ફરવાની ટેવથી ટેવાઈ ગયેલો માનવી હજુએ વિરામ પામતો નથી. સત્સંગ તો કરવો છે. ભગવાનેય ભજવા છે. પરંતુ પંચવિષયના ચાળા મૂકવા નથી. તો ભગવાન કેવી રીતે ભજાય. જન્મ જન્માંતરથી મૂળ નાખી ગયેલી વિષય વાસના દૂર કરવી કેમ ? તે પંચવિષય રૂપી વાસનાઓ સાચા સંતને સંગેજ દૂર થાય છે. અનંત જન્મથી જીવને ભગવાનથી છેટું પડી ગયું છે. તે ભેળું કરી દેવાનું કામ સાચા સંતનું જ છે. ભગવાનથી જુદું પાડી દેવામાં મહત્વનો ભાગ વિષયોનો છે. જે જીવને ભગવાનથી વિખૂટા પાડે છે.

પંચવિષયમાં સુખ છે એવી તો કોઈ સંતોએ કલમ લખીજ નથી. વિષયી જીવના સંગથી મનોવૃત્તિ વિરાટ સ્વરૂપ ધારણ કરી લે છે. વાદીના સર્પનો કરંડિયો જોઈને ઉંદર તો તનતોડ મહેનતમાં લાગી જાય છે. જો કરંડિયો ખુલી જાય તો જલ્દી માલ ખાઈ જાઉં. પણ કરંડિયો ખુલતાની સાથે જ મુસાભાઈ તો સર્પનો મુખવાસ બની જાય છે. તેવી જ રીતે જગતરૂપી કરંડિયામાં જીવ પ્રાણીમાત્ર કાંઈક મેળવી લેવી મથ્યા જ કરે છે. પરંતુ અંદર માયિક સુખરૂપી સર્પ તો આપણને જ ભોગવી જાય છે. આપણે જાણીએ કે ભોગને આપણે ભોગવીએ છીએ. પણ સ્વયં ભોગ જ આપણને ભોગવી જાય છે. પ્રેમાનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છે જે, **"સૌ હરિભક્તને રે, રહેવું હોય મારી પાસ, તો તમે મેલજો રે, મિથ્યા પંચવિષયની આશ."** માટે ભગવાનના ધામમાં, ભગવાનની સમીપે રહેવું હોય તો પંચવિષય જીતવા જ પડશે. તળાવનું પાણી ઝાડવાના મૂળીયાને તાણી લે છે. તેમ પંચવિષય છે તે સારાયે સદ્‌ગુણોને તાણી લે છે.

ચીભડું પાકે ત્યારે ફાટે છે. બી બહાર નીકળી જાય છે. તેમ બહુ વિષય ભોગવે તો મનવૃત્તિ ફાટી જાય છે ને સદ્‌ગુણો બહાર નીકળી જાય છે. માટે પૂર્વ દિશામાં જેને જવું હોય તેને પશ્ચિમ દિશામાં વાંસો વાળવો જ પડે. તેમ જેને ભગવાન સન્મુખ જવું હોય તેને જગતને વાંસો વાળવો જ પડે. ચિંતામણી નાગણી વચ્ચે પડી હોય તો લીધાનું મન થાય છે ? નથી થતું. તેમ પંચવિષયમાં દોષ દેખાય પછી ભોગવાવનું મન થતું નથી.

આપણે અનુભવી શકીએ છીએ કે કેટલાક ઓખરિયા ઢોર હોય ઓખર કરી આવે ત્યાર પછી ખીલે આવે. ખીલે

ઘણુંય સારું મળતું હોય છતાંય ઓખરની ટેવ પડી ગઈને? એટલે રહેવાય કેમ ? આપણને પણ આવું જ થતું હોય છે. આવો સત્સંગ ઓળખાયો, ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી મળ્યા. ધર્મકુળ આશ્રિત સંત મળ્યા, ભજન ભક્તિ કરીએ છીએ. જોઈએ તેવી પ્રાપ્તિ થઈ ગઈ છે. પરંતુ અનંત જન્મથી કુસંગમાં રખડવાની ટેવ પડી છે એટલે સત્સંગ કરવાની સાથે, સમાગમ કરવાની સાથે ભજન-ભક્તિ કરવાની સાથે જૂની ટેવો છોડી શકાતી નથી. સત્સંગી તો ઘણાય સારા હોય પણ ટી.વી.માં સિરિયલો જોવી જ પડે. સિનેમા ક્યારેક તો જોવી જ પડે, ગ્રામ્ય વાતો વિના ચાલે જ નહિ. આલોકની મોટપ માટે ચૂંટણીમાં કાવાદાવા તો ખેલવા જ જોઈએ. આવી જૂની ટેવો છોડી શકતા નથી.

ભગવાનના મંદિરો રૂપી શ્રીજી મહારાજે સુંદર ખીલા રોપ્યા છે. ખીલે તો ઘણુંય સારૂં ભોજન મૂક્યું છે. જીવાત્માનો ખોરાક છે. જે કથા-વાર્તા-કીર્તનો-ધૂન-જપમાળા વિગેરે ભોજનો મૂક્યા છે. પણ ઉપર જણાવેલ ઓખર જીવથી છૂટે તો ને ? પંચવિષયો જીવથી છૂટે તો ને? જીવાત્મા પંચવિષય છોડે ને ભગવાનની શરણાગતિ સ્વીકારે અને શ્રીજીમહારાજની આજ્ઞામાં દૃઢ રહે તો જ જીવાત્મા અક્ષરધામમાં જઈ શકે છે. ગાફલ રહ્યા એટલે ગયા સમજવું. માટે ગાફલ રહેવું નહિ.

મુંડા લોકો માંકડીને પકડવાના પ્રયોગો કરતા હોય ત્યારે એક સાંકડા મોઢાવાળો ભંભો ગોતે પછી તેમાં માંકડાના દેખતાં દાળિયા, ચણા તથા ખારીસીંગ ભંભામાં નાખે પછી મૂંડા લોકો દૂર ક્યાંક ઝાડને ઓથે જઈને જોયા કરે. માંકડા તો રાહ જ જોતા હોય. એ તો તરત ભંભો દેખીને તેના સાંકડા મોઢામાં પડેલા ચણા લેવા માટે મહાપ્રયત્ને હાથ નાખે અને મુઠ્ઠી ભરી લે. પરંતુ ભંભામાંથી હાથ નીકળે નહિ. ચણાની મુઠ્ઠી તો છોડવી નથી. ને હાથ કાઢવો છે. તો હવે કેમ કરવું ? જો મુઠ્ઠી છોડી દે તો હાથ નીકળી જાય. તેમ આપણા જીવનમાં આવું જ બનતું હોય છે. આ જગતરૂપી પંચવિષય ભંભો છે. પંચવિષયરૂપી ચણાની મુઠ્ઠી તો મૂકવી જ નથી. અને મુક્ત થઈને અક્ષરધામમાં જવું છે. આ બને વાત તો સાથે કેમ બની શકે ? વિષયની આશા મૂકી દે તો જરૂર મુક્ત થઈને અક્ષરધામમાં જીવાત્મા જઈ શકે છે.

આ પંચવિષયે અનંત જન્મારા બગાડી નાખ્યા. ક્યારેય આપણને સલામત રીતે ભગવાન પાસે પહોંચવા દીધા નથી, આવી મોટી નુકશાનોમાં આપણને મૂકી દીધા છે. તેમ છતાં તેની સાથે ક્યારેય વેરની ભાવના થાય છે ખરી ? આ જીવને તો સંતોષ જ નહિ. પોતાને બે મોટરો હોય, બે બંગલા હોય પણ બીજાની ત્રણ મોટરો હોય ને ત્રણ બંગલા હોય તો તે જોઈને દુ:ખી થાય છે કે મારે તો બે જ મોટરો ને બે જ બંગલા છે. અને બીજાને ત્રણ છે. પદાર્થ મળવા છતાંય જીવાત્મા દુ:ખી જ થાય છે. આ લોકની મોટાઈ મળી હોય કે મોટા માણસ સાથે ઓળખાણ થઈ હોય તો તેને મેલીને સત્સંગમાં ન અવાય, મંદિરે ન અવાયું તો તેનું દુ:ખ થતું નથી.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પંચવિષયમાંથી જ કામ, ક્રોધ, લોભ, મત્સર, માન, સ્નેહ આદિ શત્રુ ઉત્પન્ન થાય છે. જ્યાં સુધી એ વિકારો જડ છે ત્યાં સુધી શુધ્ધ, ચૈતન્ય સ્વરૂપ ઓળખવામાં વિઘ્ન છે. શાસ્ત્ર પુરાણોમાં મોટા મોટા ઋષિ મુનિઓએ લાખો વર્ષો તપ કર્યા પછી પણ સ્હેજ વિષયનો સંબંધ થતાં તેના અંકુરો ફુટી નીકળ્યા છે. અને જેવું છે તેવું પોતાનું સ્વરૂપ ઓળખી શક્યા નથી. બ્રહ્મરૂપ થવામાં દેહ અંતરાય રૂપ છે. દેહમાં પંચવિષય આવી ગયા. અને તેમાં રહેલ દેહાભિમાનરૂપ મહાશત્રુ પણ આવી જાય છે. દેહાભિમાનીને પંચ વિષય મુખ્ય હોય છે. જેને સત્સંગ પ્રાપ્ત થયો છે તેને પંચવિષયનું મુખ્યપણું ટળી જાય છે. જો જીવાત્માને કથા-વાર્તા-ધ્યાન-ભજનમાં જો ઈન્દ્રિયોની વૃત્તિ પરોવી દઈએ તો જ પંચવિષય અંતઃકરણમાં પ્રવેશી શકે નહિ. પરંતુ આવું અખંડ કથા-વાર્તા,-ધ્યાન અને ભજનનું વ્યસન તો સાચા સત્પુરુષોમાં જોડાયો હોય તેને જ થાય છે. સત્પુરુષોની કૃપાથી જ પંચવિષય જીતાય છે. ભગવાનની કથા-વાર્તા-ધ્યાન અને ભજન કરવાથી પંચવિષય જીતવા નહિ પડે જીતાય જશે.

●

### મોક્ષદાતા

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

જગતના સર્વ જનો આજે મોક્ષ-મુક્તિ મેળવવા માટે ઉપાયો કરે છે. ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ, મોક્ષ શુકદેવજી પરિક્ષીત રાજાને મોક્ષ માટે ભાગવતની બાર સ્કંધની કૃષ્ણકથા સંભળાવે છે. અને ભાગવતના આઠમાં સ્કંધમાં ગજેન્દ્ર મોક્ષની કથા આવે છે.

મોક્ષ દાતા ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી શ્લોક-૧૨૧ માં જણાવે છે કે....... ‘‘અને તે ધામને વિશે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ

જાણવું.''

મોક્ષ માટે સત્તયુગમાં ધ્યાન, ત્રેતાયુગમાં યજ્ઞો, દ્વાપર યુગમાં સેવા અને કળિયુગમાં નામ સ્મરણ.

કોઈપણ મુમુક્ષુ ભગવાનના ભાવથી દર્શન કરે, પ્રાર્થના કરે, માનસી કરે, કથા-કીર્તન કરે, ભજન-ભક્તિ કરે, સેવા-સત્સંગ કરે ભાવથી ઠાકોરજીને સમર્પણ કરે તો સહેજે મોક્ષ મળી જાય.

મહારાજે લોયા ગામમાં શાકોત્સવ ઉજવ્યો. ગામ-ગામથી, સંતો-હરિભક્તો આવેલ. કોઈ હરિભક્તો પૂજા કરતા, કોઈ વસ્ત્ર અલંકાર ધરાવતા - કોઈ રૂપિયા ભરેલા થાળ ધરતાં અને આ રીતે મહારાજને રાજી કરતા - ત્યાં એક ગરીબ ભૂદેવ મહારાજ પાસે આવ્યા. તેમને પણ મહારાજને રાજી કરવા હતા. તેણે પોતાની ફાટેલી પાઘડીની બે-ત્રણ ગાંઠોમાં એક રૂપિયો મૂકેલો તે મહારાજને ભેટ અર્પણ કર્યો. શ્રીહરિએ તે ભૂદેવને કહ્યું, ''આ એક રૂપિયો અમારા ચરણે સમર્પિત કર્યો એની જગ્યાએ આ તમારી પાઘડી ફાટી ગઈ છે તો નવી ખરીદી લો ને ?'' ગરીબ ભૂદેવે કહ્યું, મહારાજ ! મારા અંતરમાં ક્યારનીય ઈચ્છા હતી કે આપને કાંઈક સમર્પિત કરૂ, તેથી આ એક રૂપિયો મેં ખૂબજ સાચવીને રાખ્યો હતો. પાઘડી તો ફાટેલી હશે તો ચાલશે, પણ આજ મારા અંતરની ઈચ્છા પૂરી થઈ છે. શ્રીહરિએ કહ્યું, ''ભૂદેવ ! તમે તો સર્વસ્વનું દાન કર્યું છે.'' પછી મહારાજે કહ્યું, ''મુક્તાનંદ સ્વામી ! આ ભૂદેવના મોક્ષ માટે કશું જ બાકી નથી કારણ કે એમણે એમનું સર્વસ્વ અમને સમર્પિત કરી દીધું છે.

એક રૂપિયાના દાનથી-ભાવથી-સમર્પણથી મોક્ષનું વરદાન મળ્યું, આમ કૃપાળુ શ્રીહરિની કૃપાનો પાર નથી.

મહારાજે પ્રગટ થઈને મોક્ષનો માર્ગ સહજ બનાવી દીધો.

**''જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ.**
**આજ ધર્મવંશીને દ્વાર .......''**

મહારાજે ગઢડા મધ્યના ૪૫ માં વચનામૃતમાં પણ કહ્યું છે કે, ભગવાન અને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આને આ દેહે પરમપદ જેવું સુખ ભોગવે છે અને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય છે. માટે જે સમજુ હોય તેણે તો ભગવાનને ભગવાનના ભક્ત ને રાજી થાય એમ જ વર્તવું.'' આટલી રાજીપાની મહત્તા બતાવી છે.

આપણી ભાવના જો શુધ્ધ હશે તો ભગવાન જરૂર રાજી થાય છે. 'મોક્ષ' જે મનુષ્ય જન્મનો પ્રથમ મુખ્ય હેતુ સાર્થક થાય છે.

(અનુ. પેજ નં. ૧૪ પરનું)

આર્થિક રીતે નાનો પણ મનનો ઉદાર વ્યક્તિ, અન્ય વ્યક્તિને મદદ જરૂર કરી શકે છે, માત્ર આપણી ઈચ્છા હોવી જરૂરી છે. સમાજે આપણે અનેક રીતે ઘણું આપ્યું હોય છે અને જ્યારે આપણો વખત આવે ત્યારે આપણે તે ઋણ ન ચૂકવીએ તો આપણે પણ સેવકરામ જેવા કૃતઘ્ની ગણાઈએ.

સંપ્રદાયમાં આચાર્ય મહારાજશ્રીની રાહબરી હેઠળ, આંગન જેવા અનાથાશ્રમો, મંદિરોમાં ગૌ-શાળાઓ, મહિનામાં ઘણા દિવસોએ સદાવ્રતો જેવી સમાજોત્થાનની પ્રવૃત્તિઓ અવિરત ચાલે છે તે શ્રીહરિની આજ્ઞાના પાલન અર્થે જ છે.

સાધુજન કે નિર્ધન ગરીબ ક્યારેક આપણી પાસે કંઈક યાચના કરે તો તેને યથા સમય યથાશક્તિ મદદ કરવી પણ તેના પ્રત્યે ક્યારેય કટુવચન ન બોલવાં. આપણે એ ન ભૂલવું કે આપણે પણ ભગવાન પાસે હંમેશા માગ્યા જ કરીએ છીએ. પાંચ-પચ્ચીસ રૂપિયાના ધર્માદામાં, એક નાળીયેર કે એક હાર-તોરો આપીને આપણે તેમની પાસેથી કેટલું બધું માગીએ છીએ ! અને પરત આપવામાં ન તો આપણે શ્રીહરિની શિક્ષાપત્રીની આજ્ઞાઓ પાળીએ છીએ કે ન તો ધર્મવંશી આચાર્યશ્રી કે મોટેરા સાધુ સંતોની આજ્ઞાઓ પ્રમાણએ ચાલીએ છીએ. દેહાંતે જેના ઘેર જવાની ખેવના છે તેની જ આજ્ઞાઓનું અહીં સરેઆમ ઉલ્લંઘન કરીએ છીએ, આ સમજણ તો મૂર્ખની સમજણ છે.

આપણે વિવેક રાખીને શ્રીહરિની આજ્ઞા સામું જોવું. ધર્મવંશી આચાર્યશ્રીની ટકોર સાંભળવી અને સંપ્રદાયનું ગૌરવ વધે તેવા પાકા સત્સંગી થવું.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# મકર સંક્રાંતિ (ઉત્તરાયણ) પુણ્ય પર્વ પ્રસંગે

# અલૌકિક દાન પુણ્ય

આપણો ભારત દેશ ધર્મપ્રધાન દેશ છે. દરેકને પોતપોતાનો ધર્મ-સંપ્રદાય પાળવાનો સ્વતંત્ર અધિકાર છે. આપણા દરેક પર્વ-ઉત્સવનું અનેરૂ માહાત્મ્ય અને મહિમા હોય છે. તેમાંય ૧૪ મી જાન્યુઆરીના દર વર્ષે આવતું ઉત્તરાયણ પર્વ એટલે મકર રાશીમાં સૂર્યનારાયણ ભગવાનનો પ્રવેશ એટલે સંક્રાંતિ કાળ એ શુભનું મંગળકારી આગમન, દરેક પ્રકારના દાન પુણ્યમાં અનેક ઘણો ઉમેરો કરતો હોવાથી આ શુભ દિને પુણ્ય સ્થાનક દેવ મંદિર, અનાથાશ્રમમાં નિરાધાર લોકોને દાન કરવાથી આ લોક પરલોક સંબંધી સર્વે મનોરથ સંકલ્પોનું ત્વરિત ફળ-પુણ્ય મળે છે.

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વયં બાથમાં લઈ સ્વસ્વરૂપ એવા પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાનિધ્યમાં તથા શ્રીહરિના અપર સ્વરૂપ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળની શુભ નિશ્રામાં અને પરમ વંદનીય સંતોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૧૨-૨૦૧૯ થી તા. ૧૪-૧-૨૦૨૦ એટલે આખો માસ પ્રાતઃકાળે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનો અલૌકિક લાભ લીધો તેજ નિમિત્તે તા. ૧૪-૧-૨૦૨૦ ના રોજ મકર સંક્રાંતિ પુણ્ય પર્વ હોવાથી આપ સૌ જીવનમાં વર્ષમાં એકવાર આવતા આવા પુણ્ય પર્વમાં દાન પુણ્ય કરીને જીવનને ધન્ય બનાવશો.

**શ્રી નરનારાયણદેવ દેશના સમસ્ત હરિમંદિરના કોઠારીશ્રી અને શ્રીનરનારાયણદેવ યુવક મંડળને અનુરોધ**

શ્રી નરનારાયણદેવ દેશના તમામ શહેર અને ગામોના કોઠારીશ્રી અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળના પ્રતિનિધિઓને ખાસ અનુરોધ છે કે આપના ગામમાં ઉત્તરાયણ પર્વની ઝોળી ફેરવીને તે નિમિત્તે જે કાંઈ અનાજ, રોકડ કે જીવન જરૂરી પદાર્થ દાનમાં આવે તે તમામ વસ્તુઓ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ''આંગન'' માં જમા કરાવી પહોંચ મેળવી લેશો. જે તમામ આપનું દાન અનેક નિરાધાર જરૂરિયાતવાળા લોકો સુધી પહોંચશે. આ સંકલ્પ એ આપણા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીનો છે. એટલે આ આંગનની સેવા પ્રવૃત્તિ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની દેખરેખ નીચે આપણા સત્સંગી બહેનો દ્વારા કરવામાં આવે છે.

આ આંગનમાં દાન કરનારને ૮૦-જી હેઠળ ઈન્કમટેક્ષમાં માફી મળશે.

**મહંત સ્વામી**
**શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના**
**શ્રીહરિ સ્મૃતિ સહિત જયશ્રી સ્વામિનારાયણ.**

# ઉત્તરાયણ પુણ્ય (ઝોળી) પર્વ

નામ : ............................................................................

સરનામું : ........................................................................

ફોન નં. : ........................ મો. : ...........................................

## ઉત્તરાયણ પુણ્ય પર્વ

**તા. 14-1-2020ના ઉત્તરાયણ - મકરસંક્રાંતિના શ્રી નરનારાયણદેવના દર્શને પધારો ત્યારે આ કાર્ડમાં આપની ઈચ્છાનુંસાર રકમ ભરી કોઠાર ઓફિસમાંથી પહોંચ મેળવી લેવી. દૂર વસતા હરિભક્તોએ ચેક - ડ્રાફ્ટથી રકમ મોકલવી.**

| વિગત | ભાવ રૂા. | વજન | ૫ કિલોના ભાવ રૂા. | આપની સેવા રૂા. |
|---|---|---|---|---|
| ચોખા | ૩૦૫૦ | ૧૦૦ કિલો | ૧૫૫ | |
| ઘઉં | ૨૦૦૦ | ૧૦૦ કિલો | ૧૦૦ | |
| મગ | ૮૦૦૦ | ૧૦૦ કિલો | ૪૦૦ | |
| તલ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| ચણા દાળ | ૨૪૦૦ | ૨૦ કિલો | ૬૦૦ | |
| તુવેર દાળ | ૧૦૦૦૦ | ૧૦૦ કિલો | ૫૦૦ | |
| મોગર દાળ | ૭૨૦૦ | ૧૦૦ કિલો | ૩૬૦ | |
| શુદ્ધ ઘી | ૬૦૦૦ | ૧ ડબો | ૨૦૦૦ | |
| તેલ | ૧૩૦૦ | ૧ ડબો | ૪૩૦ | |
| ગોળ | ૫૦૦૦ | ૧૦૦ કિલો | ૨૫૦ | |
| ખાંડ | ૪૧૦૦ | ૧૦૦ કિલો | ૨૦૫ | |
| કુલ રૂા. | ૫૧૪૫૦ | | ૫૬૦૦ | |

**દાન, વસ્તુ રૂપે, રોકડ સ્વરૂપે તથા ચેક અથવા ડ્રાફ્ટ**
**"શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદ"ના નામે આપશો.**
**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ ફોન : ૮૨૩૮૦૦૧૬૬૬, ૯૯૦૯૯૬૭૧૦૪**

# સત્સંગ સમાચાર

**વચનામૃત ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ સંકલ્પથી તેમજ પૂજ્ય શ્રીરાજાના સુંદર સાથ-સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પ.પૂ. ગાદીવાળાશ્રીની હવેલીમાં શ્રીમદ્ વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં તા. ૨૬-૧૧-૨૦૧૯ થી તા. ૨૮-૧૧-૨૦૧૯ વચનામૃત ત્રિદિનાત્મક પારાયણ સાંખ્યયોગી બહેનોના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ. અમદાવાદ શહેરના બહેનો વિશાળ સંખ્યામાં સાંજના ૨-૦૦ થી ૫-૦૦ દરમ્યાન પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અને પૂજ્ય શ્રીરાજાના શુભ સાનિધ્યમાં કથામૃત પાન કરી ખૂબજ ધન્ય બન્યા હતા. છેલ્લા ઘણા વરસોથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની સુંદર પ્રેરણા માર્ગદર્શનથી બહેનોના સત્સંગમાં ખૂબ જાગૃતિ આવી છે. ભગવાનને ઓળખ્યા છે. સાથે સમાજ ઉપયોગી માનવ સેવાનું પણ આપણા બહેનો દ્વારા ખૂબજ ઉમદા કામ થઈ રહ્યું છે. તે આપ સૌને વિદિત છે. તા. ૨૯-૧૧-૨૦૧૯ના હવેલીમાં બાળ યુવતીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ કરીને આધ્યાત્મિક જ્ઞાન સાથે અનેકવિધ પ્રવૃત્તિઓને આવરીને રૂપક રજૂ કરીને પોતાની આગવી કલાના દર્શન કરાવ્યા હતા. પ.પૂ. લાલજી મહારાજશ્રી સત્સંગની પ્રવૃત્તિમાં અવિરત કાર્ય કરી રહ્યા છે તે પછી ગામડાની હોય કે શહેરની હોય ગમે તે સમયે તેઓશ્રી પધારીને હરિભક્તોને ખૂબજ રાજી કરે છે. સાથે સાથે માનવ સેવા, સમાજ સેવાની પ્રવૃત્તિ પણ એટલી જ કરી રહ્યાં છે.

આ તમામ પ્રવૃતિમાં પ.પૂ. ગાદીવાળાશ્રીની આજ્ઞાથી અને પૂજ્ય શ્રીરાજાના સુંદર માર્ગદર્શન-પ્રેરણાથી બાપુનગરના આપણા રૂપમબેન, હિરલબેન અને ધરતીબેન તેમજ ઘાટલોડીયાના અરૂણાબેન અને તેમની સાથે જોડાયેલા બહેનોને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. હાલના સમયમાં શ્રીનરનારાયણદેવ ગાદી અંતર્ગત હજારો બહેનોની યુવા ટીમ ખૂબ સક્રિય અને નિષ્ઠાવાન તૈયાર થઈ છે. આ પ્રસંગમાં વડીલ બહેનો, યુવતીઓ અને બાલિકાઓએ જે પરિશ્રમ, સેવા, તત્પરતા અને સૂજ-બૂઝથી પ્રવૃતિ કરી છે તે જોઈ પ.પૂ. ગાદીવાળાશ્રી તેમના ઉપર હ્રદયથી ખૂબજ રાજી થયા છે. આવા તમામ બહેનો માટે તેઓશ્રીને ખૂબજ ગૌરવ છે.

તા. ૩૦-૧૧-૨૦૧૯ ના રોજ શ્રી સ્વામિનારાયણ બાગથી શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પગપાળા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી, હજારો સંત-હરિભક્તોના વિશાળ સમુદાય સાથે તેમજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી હજારો બહેનોના સમુદાય સાથે સવારે ૬-૩૦ થી પદયાત્રાનું પ્રયાણ કર્યું હતું. નાની બાલિકાથી લઈ વૃદ્ધાવસ્થાવાળા બહેનો ઘરે તાળા મારીને સહપરિવાર પદયાત્રામાં જોડાયા હતા અને કાલુપુર મંદિર શ્રી નરનારાયણદેવના દર્શન કરી પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મંદિરના ચોકમાં સમૂહ હોમાત્મક મહાપૂજાની શરૂઆત કરાવી હતી. ૧૦૦૦ જેટલા હરિભક્તોએ મહાપૂજાનો લાભ લીધો હતો. મંદિરના પ્રસાદીના ચોકમાં પ.પૂ. ગાદીવાળાશ્રી અને પૂ. શ્રીરાજા મહા પૂજામાં બિરાજ્યા હતા.

તા. ૨૯-૧૧-૨૦૧૯ ના અમદાવાદના દરેક એરિયાના ૨૫૦૦ ઉપરાંત ટ્રાફીક પોલીસ સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સાથે રહીને યુવક મંડળ દ્વારા પ્રસાદી અને પાણીની બોટલ દરેકને આપી હતી.

આ પદયાત્રામાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને સ્વયં સેવક મંડળના અથાક પ્રયત્ન અને મહેનતથી અને નાના-મોટા તમામ હરિભક્તોના સુંદર પ્રયાસથી અદ્ભુત વ્યવસ્થાનું આયોજન થયું હતું તે માટે તમામ સેવાભાવી હરિભક્તોને ધન્યવાદ ઘટે છે. (શ્રી નરનારાયણદેવ યુવતિ મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી રંગમહોલમાં બિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ**

સર્વોપરી શ્રી રંગમહોલમાં બિરાજમાન ઘનશ્યામ મહરાજનો પાટોત્સવ કારતક સુદ-૧૨ શનિવાર તા. ૯-૧૧-૨૦૧૯ ના રોજ સવારે ૭-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે સંપન્ન થયો. જેના યજમાન પ.ભ. જયંતીભાઈ સોનીના ચિ. ભાણેજ પરિવારે લાભ લીધો હતો.

ત્યારબાદ શ્રી ઘનશ્યામ મહારાજને છપ્પન ભોગ અન્નકૂટ ધરાવામાં આવ્યો હતો. (કોઠારી શા. નારાયણમુનિ સ્વામી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બિલોદરા (માણસા) પંચાબ્દી મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. શા. શ્રી પી.પી. સ્વામી (ગાંધીનગર મંદિર સે-૨) ના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર બિલોદરાના ૫ મા ઉપલક્ષમાં તા. ૩-૧૧-૧૯ થી તા. ૭-૧૧-૧૯ દરમ્યાન શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી (ગાંધીનગર)ના વક્તાપદે સંગીતના મધુર તાલે થઈ હતી. વ્યાખ્યાનમાળામાં વક્તા શ્રી સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી એ શ્રીહરિનું માહાત્મ્ય સમજાવ્યું હતું.

સભા સંચાલન સ.ગુ. શા.સ્વા. વ્રજભૂષણદાસજી (કોટેશ્વર)એ શોભાવ્યું હતું. આ પ્રસંગે તુલસી વિવાહ અને શાકોત્સવ પણ ભવ્ય રીતે ઉજવાયા હતા. ગામના દરેક હરિભક્તોએ નાની મોટી સેવા કરીને યજમાન પદનો લાભ લીધો હતો.

ધામોધામના સંતો પૈકી સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રીહરિકૃષ્ણદાસજી (કાલુપુર મંદિર) આદિ સંતો પધાર્યા હતા. ગામના સર્વે હરિભક્તોએ અલૌકિક લાભ લઈ ખૂબજ ધન્ય બન્યા હતા. (શા. વ્રજ સ્વામી કોટેશ્વર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાળીગામ ૯ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાળીગામનો ૯ મો પાટોત્સવ તા. ૧૨-૧૧-૧૯ ના રોજ પ.ભ. બિપીનભાઈ વલ્લભભાઈ પટેલ, પ.ભ. ગુંજન બિપીનભાઈ પટેલ તથા સમસ્ત સત્સંગ સમાજ કાળીગામ તરફથી ધામધૂમથી ઉજવાયો.

પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. હરિકૃષ્ણદાસજી તથા પૂ. પી.પી. સ્વામી અને જેતલપુરધામના પૂ. સંત મંડળ દ્વારા ઠાકોરજીનો અભિષેક, કીર્તન-ધૂન અને અન્નકૂટની આરતી થઈ હતી. પ્રાસંગિક સભામાં સંતોએ શ્રીહરિનો સર્વોપરી મહિમા સમજાવ્યો હતો.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) કારતક માસમાં તુલસી વિવાહ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી શ્રી પુરુષોત્તમપ્રકાશદાસજી તથા સમસ્ત સત્સંગ સમાજ ગાંધીનગરના સુંદર આયોજન દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ખાતે તા. ૧૦-૧૧-૧૯ રવિવારના રોજ ભવ્ય તુલસી વિવાહ ઉજવાયો. આ પ્રસંગે સાંજના આપણા પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. અને તુલસી વિવાહના વરપક્ષ, કન્યાપક્ષ અને મોસાળ પક્ષના યજમાનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. ઠાકોરજીની શોભાયાત્રા, માતાજીની શોભાયાત્રા ખૂબજ ધામધૂમથી ધૂન કીર્તન ભજન કરતા નીકળી હતી. હજારો ધર્મપ્રેમી હરિભક્તોએ તુલસી માતાના વિવાહના દર્શન કરી પ્રસાદ ગ્રહણ કરી ખૂબજ ભાવ વિભોર થયા હતા. કાલુપુર મંદિરના સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ સંત મંડળ પધારેલ.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદકોલોની તથા કર્મશક્તિપાર્ક દ્વારા તુલસી વિવાહ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર) અને સંત મંડળના સુંદર સહયોગ પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની અને કર્મ શક્તિ પાર્ક દ્વારા આયોજીત ભવ્ય તુલસી વિવાહ તા. ૧૨-૧૧-૧૯ ને મંગળવારના રોજ સવારે ૧૦ થી રાત્રીના ૮-૩૦ દરમ્યાન ઉજવાયો. જેમાં કન્યા પક્ષના યજમાન પ.ભ. અરવિંદભાઈ રવજીભાઈ દોંગા પરિવાર અને વર પક્ષના યજમાન પ.ભ. પ્રફુલભાઈ ધનજીભાઈ ગેલાણી પરિવાર અને મોસાળ પક્ષના યજમાન પ.ભ. રમણીકભાઈ ભીખાભાઈ સરધારા, ભાવિનભાઈ દુલાભાઈ સાવલીયા, કિશોરભાઈ મનુભાઈ અને અશ્વિનભાઈ શામજીભાઈએ લાભ લઈ ખૂબજ ધન્ય બન્યા હતા. છેલ્લે સૌએ ભોજન પ્રસાદ લઈ ખૂબજ ધન્યભાગી બન્યા હતા. (ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુર ૯ મો વાર્ષિક પાટોત્સવ એવમ્ શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી પી.પી. સ્વામી ના સુંદર માર્ગદર્શનથી તથા સમસ્ત સત્સંગ સમાજ મુબારકપુર તરફથી શ્રી સ્વામિનારાયણ મંદિર મુબારકપુરનો ૯ મો પાટોત્સવ એવમ્, શાકોત્સવ તા. ૧૭-૧૧-૧૯ ને રવિવારના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો અભિષેક વિધિવત રીતે ધામધૂમથી સંપન્ન થયો. સંતો દ્વારા કથા વાર્તા, ધૂન ભજન કીર્તન આદિ થયા હતા.

પાટોત્સવના યજમાનશ્રી અ.નિ. કલાબેન બકોરભાઈ પટેલ પરિવાર રહ્યા હતા. ધામોધામના સંતો પૈકી કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. હરિકૃષ્ણદાસજી તેમજ ગાંધીનગર, કોટેશ્વર અને નારણઘાટથી સંતો પધાર્યા હતા. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

(સમસ્ત સત્સંગ સમાજ મુબારકપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) ૨૦ મો પાટોત્સવ અને કથા પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી પી.પી. સ્વામીની પ્રેરણા માર્ગદર્શનથી તથા સમસ્ત સત્સંગ સમાજ સેકટર-૨ વતી પ.ભ. બિપીનભાઈ મણીભાઈ પટેલ (કાળીગામવાળા)ના સુંદર આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨) નો ૨૦ મો પાટોત્સવ વિધિવત રીતે ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૨૮-૧૧-૧૯ થી તા. ૧-૧૨-૧૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ ત્રિદિનાત્મક રાત્રીય પારાયણ સ.ગુ. શા. સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે સંગીતના મધુર સૂર સાથે સંપન્ન થઈ હતી. કથા દરમ્યાન પોથીયાત્રા, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ દર્શન, પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના દર્શન, સંતોના દર્શન આદિ પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા.

સભા સંચાલન સ.ગુ.શા. સ્વા. વ્રજભૂષણદાસજી (કોટેશ્વર) તથા મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજી (નારાયણઘાટ)એ શોભાવ્યું હતું.

તા. ૧-૧૨-૧૯ ના સવારના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક, અન્નકૂટ આરતી થઈ હતી. પ્રાસંગિક સભામાં સ.ગુ. મહંત શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર) તથા સ.ગુ. મહંત શા. સ્વા. પી.પી. સ્વામી (ગાંધીનગર) તથા સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)એ ઠાકોરજીનો મહિમા કહ્યો હતો. સમગ્ર સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. સર્વે હરિભક્તોએ કથા શ્રવણ, દેવ દર્શન અને ધર્મકુળ દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી - ગાંધીનગર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધમાસણા દ્વિતીય પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી તેમજ અ.નિ. સ.ગુ. સ્વામી વિષ્ણુપ્રસાદદાસજીની દિવ્ય પ્રેરણાથી તથા સ.ગુ. સ્વામી જયપ્રકાશદાસજી (કાલુપુર) તથા કોઠારીશ્રી એવમ્ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ધમાસણાના સુંદર આયોજન દ્વારા નંદ સંતો પૈકીના મહાન સંત સ.ગુ. ગુરુચરણરતાનંદ સ્વામીના જન્મ સ્થાન જ્યાં સંપ્રદાયના મહાન વિભૂતિ સંત સ.ગુ. શ્રી મહાનુભાવાનંદ સ્વામીએ સૌ પ્રથમ મંદિર નિર્માણ કરાવેલ તેવા ધમાસણા શ્રી સ્વામિનારાયણ મંદિરના બીજા પાટોત્સવના ઉપલક્ષમાં ૨૩-૧૧-૧૯ થી તા. ૨૭-૧૧-૧૯ દરમ્યાન શ્રીહરિસ્મૃતિ પંચાન્હ રાત્રીય પારાયણ સ.ગુ. મહંત શા. સ્વા. દિવ્યપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ, કથા, શાકોત્સવ, ધર્મકુળ દર્શન અને સંતોની પ્રેરક વાણી આદિ કાર્યક્રમ થયા હતા. સંહિતા પાઠમાં સ.ગુ. સ્વામી બાલસ્વરૂપદાસજી બિરાજ્યા હતા. ધામોધામથી સંતોમાં સ.ગુ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી, હરિચરણ સ્વામી (કલોલ), શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી આદિ સંતો પધાર્યા હતા. તા. ૨૭-૧૧-૧૯ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી, શાકોત્સવ વિધિવત રીતે થયા હતા. છેલ્લે સભાને રૂડા આશીર્વાદ આપી રાજી થયા હતા. ગામના તમામ ભક્તોએ નાની મોટી સેવા કરી હતી. સભા સંચાલન શા. ગોપાલ સ્વામીએ (પ્રાંતિજ) કર્યું હતું. (કોઠારીશ્રી અને ઉર્મિત પટેલ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર**

મૂળી ધામમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સુરેન્દ્રનગર મંદિરના સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજીની પ્રેરણાથી સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૧૪ મો વાર્ષિક પાટોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો. પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૮-૧૧-૧૯ થી તા. ૧૪-૧૧-૧૯ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિભૂષણ સપ્તાહ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (હાથીજણ)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. જેના યજમાન પ.ભ. રાજુભાઈ રસિકભાઈ ચંદારાણા પરિવાર રહ્યાં હતા.

વ્યાખ્યાન માળાના વક્તા સ્વા. સત્સંગસાગરદાસજી તથા સ્વા. ત્યાગવલ્લભદાસજીએ ભગવાન શ્રીહરિનું માહાત્મ્ય સમજાવ્યું હતું. આ પ્રસંગે તુલસી વિવાહ, શ્રી રામપ્રતાપજી મહારાજનો વિવાહ, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ, શ્રીહરિયાગ, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ આદિ થયા હતા. બહેનોને દર્શન આશીર્વાદ આપવા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા. ધામોધામથી સાંખ્યયોગી બહેનો પણ પધાર્યા હતા. સમગ્ર પ્રસંગનું સભાસંચાલન શા. સ્વા. પ્રેમવલ્લભદાસજી તથા સ્વા. નિત્યપ્રકાશદાસજીએ કર્યું હતું. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ તથા મહિલા મંડળે કર્યું હતું. આ પ્રસંગમાં સુરેન્દ્રનગર અને આજુબાજુના ઘણા ગામોના હરિભક્તોએ લાભ લીધો હતો. અન્ય સેવામાં પૂજારી શાંતિ સ્વામી, ભક્તિ સ્વામી અને કનુ ભગત રહ્યાં હતાં.

(શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલ (તા. ચૂડા) ૬ ઠ્ઠો પાટોત્સવ**

મૂળી ધામમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શા. સ્વા. જ્ઞાનવલ્લભદાસજી (લીંબડી)ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર કારોલનો ૬ ઠ્ઠો પાટોત્સવ કારતક સુદ-૭ તા. ૩-૧૧-૧૯ ના રોજ ઉજવાયો. સત્સંગી બહેનો દ્વારા બનાવેલ સુંદર, વાનગીઓનો અન્નકૂટ ઠાકોરજીને ધરાવ્યો હતો. મહંતશ્રી પૂ. જ્ઞાન સ્વામી (લીંબડી)એ ઠાકોરજીની અન્નકૂટ આરતી ઉતારીને સભામાં ઠાકોરજી અને ધર્મકુળનું માહાત્મ્ય કહ્યું હતું. દરેક ભક્તોને પ્રસાદ સાથે આપણું કેલેન્ડર ભેટ રૂપે આપવામાં આવેલ. સૌએ મહામંત્ર ધૂન કરી ધન્ય બન્યા હતા.

(કોઠારી નરેન્દ્રભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હળવદ વિસ્તારના શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણમંદિર હરિકૃષ્ણધામ રણજીતગઢ ગામે તા. ૨૯-૧૦-૧૯ થી તા. ૧-૧૧-૧૯ દરમ્યાન સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણાથી સત્સંગ શિબિરનું સુંદર

આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંતોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ નો સર્વોપરી મહિમા અને ધર્મકુળનું માહાત્મ્ય સમજાવ્યું હતું. વિશ્વવંદન સ્વામીએ સભા સંચાલનની સેવા બજાવી હતી. સૌએ દેવ દર્શન, કથા શ્રવણ કરી પ્રસાદ લઈ ધન્ય થયા હતા. (પ્રતિ. અનિલ દુધરેજીયા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મેથાણ ૧૯ મો પાટોત્સવ ઉજવાયો**

પરબ્રહ્મ પરમાત્મા સર્વોપરી શ્રી ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રીહરિના ચરણોથી અલૌકિક તીર્થ ભૂમિ શ્રી સ્વામિનારાયણ મંદિર મેથાણનો (ભાઈઓનું) ૧૯ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

આ પ્રસંગે મૂળી ધામના સ.ગુ. ભક્તિહરિ સ્વામી સંત મંડળ સાથે પધાર્યા હતા. અને ઠાકોરજીની પાટોત્સવ, અન્નકૂટ આરતી ઉતારીને ધૂન-ભજન-કીર્તન-કથા-વાર્તા કરી સૌ હરિભક્તોને રાજી કર્યા હતા. પાટોત્સવના યજમાનનો લાભ પ.ભ. ધનજીભાઈ પટેલ પરિવારે લીધો હતો. સભા સંચાલનની સુંદર સેવા સ્વામી વિશ્વવંદનદાસે કરી હતી. સૌએ પ્રસાદ ગ્રહણ કરી વિદાય થયા હતા.

(પ્રતિ. અનિલ દુધરેજીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

**શિકાગો ઈટાસ્કા શ્રી સ્વામિનારાયણ મંદિર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો ખાતે વિજ્યા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૪૭ મો પ્રાકટ્યોત્સવ અને આસો સુદ-૧૫ ના શરદોત્સવ અને ‘વુમન્સડે’ સુંદર રીતે ઉજવાયા હતા. બહેનો માટે સેમિનાર કૌન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦૦ જેટલા બાળ-યુવતિ અને મહિલા બહેનોએ ભાગ લીધો હતો. જેમાં માનસિક આરોગ્ય, સત્સંગ, યોગાસન, મહામંત્ર, કીર્તન, સેવા, ધ્યાન અને જીવન શૈલી જેવા વિષયો પર લેકચર સંવાદ થયા હતા.

દિવાળીના ઉત્સવોમાં શ્રી હનુમાન ચરિત્રની કથા દિવ્યપ્રકાશ સ્વામીએ સંભળાવી હતી. જેની પૂર્ણાહુતિ કાળી ચૌદશના દિને મારૂતિયજ્ઞ સાથે થઈ હતી. જેમાં હરિભક્તોએ યજમાન બની સેવા કરી હતી.

નૂતન વર્ષના મંગળા આરતીથી શયન આરતી સુધી હજારો હરિભક્તોએ દેવ દર્શન કથાનો લાભ લીધો હતો. પ્રમુખ જગદીશભાઈ પટેલે સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સભામાં સૌને વાંચી સંભળાવ્યા હતા. ઠાકોરજીને અલૌકિક છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

ઠાકોરજીને નૂતન વર્ષના ખૂબજ સુંદર વાઘા ધરાવવામાં આવ્યા હતા. શા. સ્વા. ભક્તિનંદન સ્વામી (જેતલપુર)એ ઠાકોરજી માટે નવા સોનાના કંદોરાની સેવાની જાહેરાત કરતા હરિભક્તોએ સહર્ષ વધાવી હતી.

કારતક માસમાં ભવ્ય તુલસી વિવાહ ઉજવ્યો હતો : તુલસી વિવાહમાં વરપક્ષ, કન્યા પક્ષ અને મોસાળ પક્ષમાં હરિભક્તોએ યજમાન બની સેવા કરી હતી.

સમગ્ર પ્રસંગમાં શા. ભક્તિનંદન સ્વામી (જેતલપુર), બ્ર. કે.પી. સ્વામી (જેતલપુર) અને દિવ્યપ્રકાશ સ્વામી પ્રેરક રહ્યાં હતા. તદ્ઉપરાંત સર્વે હરિભક્તો, યુવક મંડળ, મહિલા મંડળ, કિચન કમિટી આદિ સૌની સેવા ખૂબજ પ્રેરણારૂપ હતી. હજારો હરિભક્તોએ દર્શન, કથાવાર્તા કરીને પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (વસંત ત્રિવેદી - શિકાગો)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર હ્યુસ્ટન ટેકસાસમાં દિવાળીના ઉત્સવો ધામધૂમથી ઉજવાયા.

એકાદશીના સાંજે ધૂન, ભજન, કીર્તન, લક્ષ્મી પૂજન, મારૂતિ યજ્ઞ, સુંદર કાંડ, સમૂહ ચોપડા પૂજન, નૂતન વર્ષના ભવ્ય અન્નકૂટ દર્શન, ઠાકોરજી સમક્ષ ભવ્ય ૧૦૦૦ દિવાઓની રોશની કરવામાં આવી હતી. તમામ પ્રસંગના યજમાન અને સહ યજમાન હરિભક્તોએ બની સુંદર સેવાનો લાભ પ્રાપ્ત કર્યો હતો. અત્રેના સુવ્રત સ્વામી દ્વારા યજમાનો અને મહેમાનોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. અનેક હરિભક્તોએ ઠાકોરજીના દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર પારસપની છપૈયાધામ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી પારસપની મંદિરના મહંત શા. સ્વા. અભિષેકપ્રસાદદાસજીની પ્રેરણાથી આપણા પારસીપની શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સુંદર ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથા પ્રારંભમાં પોથીયાત્રા ધામધૂમથી કાઢવામાં આવી હતી. વક્તાશ્રી શાસ્ત્રી સ્વામી અભિષેકપ્રસાદદાસજીએ કથામાં આવતા દરેક પ્રસંગોને આબેહુબ વર્ણવ્યા હતા. તમામ યજમાનોની સેવાને બિરદાવવામાં આવી હતી. તેમજ બહારથી પધારેલા હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું. રસોડામાં અને અન્ય સેવામાં જોડાયેલા સ્વયં સેવકોની સેવાને બિરદાવવામાં આવી હતી. વિશાળ સંખ્યામાં હરિભક્તોએ દેવ દર્શન, કથા શ્રવણ કરી પ્રસાદ લીધો હતો.

(પ્રવિણકુમાર શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામી અજયપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી દિવાળી પ્રસંગે સ્વામીએ કથા દ્વારા તમામ ઉત્સવોનું માહાત્મ્ય સમજાવ્યું હતું. લક્ષ્મીપૂજન, ચોપડા પૂજન અને ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ દર્શન અનેક શ્રધ્ધાળુ ધર્મપ્રેમી હરિભક્તોએ કર્યા હતા. શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા દિવાળીના દરેક ઉત્સવોની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. દરેક સેવા કરનાર યજમાનોને બિરદાવવામાં આવ્યા હતા. મહેમાનોનું પણ ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. રસોડા પાર્કિંગ અને અન્ય સેવામાં જોડાયેલા સ્વયં સેવકોની સેવા ખૂબજ પ્રેરણારૂપ હતી. (શાહ પ્રવિણભાઈ)

**એલન ટાઉન શ્રી સ્વામિનારાયણ મંદિર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત સ્વામી ધર્મકિશોરદાસજીના માર્ગદર્શનથી દિવાળીના તમામ ઉત્સવો વિધિવત રીતે ઉજવાયા હતા. શ્રી લક્ષ્મીપૂજન, સમૂહ ચોપડા પૂજન, કાળી ચૌદશના શ્રી હનુમાનજીનું પૂજન-આરતી, નૂતન વર્ષના ઠાકોરજીને છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવેલ.

તમામ ઉત્સવોમાં સેવા કરનાર યજમાનોનું સુંદર સન્માન કરવામાં આવ્યું હતું. પધારેલા મહાનુભાવોને પણ ફુલહારથી સન્માનિત કર્યા હતા. કાયમી સેવા કરનાર તથા રસોડાની સેવા કરનાર આદિ સૌનું સન્માન કરવામાં આવ્યું હતું. મહંત સ્વામીએ ઉત્સવોની પરંપરા અને માહાત્મ્ય સમજાવ્યું હતું. પધારેલા તમામ હરિભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (પ્રવિણભાઈ શાહ)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ઓસ્ટ્રેલીયા ધર્મપ્રવાસ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૧૫-૧૧-૧૯ થી તા. ૨૫-૧૧-૧૯ દરમ્યાન સંત મંડળ સાથે ઓસ્ટ્રેલીયાના ધર્મપ્રવાસે પધાર્યા હતા.

તા. ૨૧-૧૧-૧૯ થી તા. ૨૪-૧૧-૧૯ દરમ્યાન મેલબોર્નના ડેરીમેટમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં વચનામૃત કથા, વિષ્ણુયાગ, ઠાકોરજીનો અભિષેક, અન્નકૂટ વગેરે ધામધૂમથી થયા હતા. તા. ૨૪-૧૧-૧૯ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા વિધિવત રીતે સંપન્ન થઈ હતી. છેલ્લે સર્વે હરિભક્તોને શ્રી નરનારાયણદેવ પ્રત્યે નિષ્ઠા રાખવા ખાસ આશીર્વાદમાં કહ્યું હતું.

તા. ૧૭-૧૧-૧૯ ના ઓસ્ટ્રેલીયાના ગ્રાફીથ સીટીમાં નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની ખાત વિધિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. ત્યાં સુંદર સત્સંગ સભા થઈ હતી. આપણા સંતોએ શ્રી નરનારાયણદેવનો મહિમા સમજાવ્યો હતો. છેલ્લે પ.પૂ. મહારાજશ્રીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

તા. ૨૧-૧૧-૧૯ ના રોજ એડીલેડમાં ભવ્ય સત્સંગ સભા થઈ હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ હરિભક્તોને ભગવાન સાથે જોડાઈને રહેવા અનુરોધ કરી સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. તા. ૨૫-૧૧-૧૯ના આપણા પર્થ મંદિરમાં સુંદર સત્સંગ સભા થઈ હતી. સંતોએ કથા વાર્તા કરી હતી. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સૌ ભક્તોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગમનથી ઓસ્ટ્રેલીયાના આપણા સત્સંગમાં નવું જોમ અને બળ મળ્યું હતું.

તા. ૨૭-૧૧-૧૯ થી તા. ૧-૧૨-૧૯ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થમાં સ.ગુ. શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે શ્રીમદ્ વચનામૃત ગ્રંથની કથા સંપન્ન થઈ હતી. હજારો હરિભક્તોએ કથા શ્રવણ કરી વચનામૃત ગ્રંથને જીવમાં ઉતાર્યો હતો.

આ સત્સંગ વિચરણમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે સ.ગુ. શા. પી.પી. સ્વામી (ગાંધીનગર), શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર), કોઠારી શા. સ્વામી નારાયણમુનિદાસજી (કાલુપુર), શા. સ્વા. સૂર્યપ્રકાશદાસજી, સ્વા. જયકૃષ્ણદાસજી (ભૂળી) અને સ.ગુ. શા. સ્વા. અક્ષરપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વા. કૃષ્ણસ્વરૂપદાસજી (ભુજ) આદિ સંતો જોડાયા હતા. (શા. નારાયણમુનિદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વિહોકન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા વિહોકન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કાળી ચૌદશના મારૂતિયજ્ઞ સાથે શ્રી હનુમાનજી મહારાજને સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. જેના યજમાન જયેન્દ્રભાઈ બી. પટેલ રહ્યા હતા. દિવાળીના સાંજના ૫ થી ૮ સત્સંગ સભા - ચોપડા પૂજન વિધિવત રીતે થયું હતું. નૂતન વર્ષના મંગળા આરતી, શણગાર આરતી બાદ બપોરે ૧૨ થી ૭ સુધી અન્નકૂટ દર્શન કરાવવામાં આવ્યા હતા. ૯ થી ૧૦ નવેમ્બર તુલસી વિવાહ ભવ્યતાથી ઉજવાયો હતો. વચનામૃત જયંતીના વચનામૃતની કથા સ્વામીએ કરી હતી. ગુજરાતી કલાસની વિદ્યાર્થીની ધામી ઠક્કરે સભામાં ગુજરાતીમાં વચનામૃત કંઠસ્થ સંભળાવ્યું હતું. ઘણા હરિભક્તોએ યજમાન બની સેવા કરી હતી. (બળદેવભાઈ પટેલ)

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| આસો સુદ-૧ | ડૉ. જીમી ચંદ્રેશભાઈ (મગસ) | બાયડ |
| આસો સુદ-૧ | પટેલ ગૌતમભાઈ મુલચંદભાઈ (મગસ) | અમદાવાદ |
| આસો સુદ-૧ | યુવક મંડળ મહેળાવ (મોહનથાળ) | |
| આસો સુદ-૨ | કરસન નારણ ગોરસીયા (ચુરમાના લાડુ) | સુખપર-કચ્છ |
| આસો સુદ-૨ | આદાન શનિ પટેલ (મોહનથાળ) | અંબાપુર |
| આસો સુદ-૩ | પટેલ રમેશભાઈ કાંતિભાઈ (મૈસુબ) | વડુ |
| આસો સુદ-૪ | પટેલ પહલ કૌશિકકુમાર (મગસ) | અમદાવાદ |
| આસો સુદ-૪ | ચાવડા દિનેશભાઈ કુવરજીભાઈ (મોહનથાળ) | ધૂડકોટ |
| આસો સુદ-૫ | ગોરસીયા કંકુબાઈ કલ્યાણ માવજી (મોહનથાળ) | કચ્છ |
| આસો સુદ-૬ | અ.નિ. હંસાબેન મુકેશભાઈ ગોરસીયા (બુંદીના લાડુ) | સુખપર-કચ્છ |
| આસો સુદ-૮ | પટેલ મલ્હારભાઈ પિયુષભાઈ (બુંદીના લાડુ) | આકરૂંદ |
| આસો સુદ-૮ | સાંખ્યયોગી કૈલાશબા (મોહનથાળ) | વિહાર |
| આસો સુદ-૮ | અ.નિ. બ્ર. સ્વા. ભૂમાનંદજી (બુંદી) | વડતાલ |
| આસો સુદ-૮ | ડૉ. કે.કે. પટેલ (બુંદી) | હિંમતનગર |
| આસો સુદ-૯ | અ.નિ. પુરબાઈ નાનજી પિંડોરીયા (ચુરમાના લાડુ) | માંડવી-કચ્છ |
| આસો સુદ-૧૦ | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે | |
| આસો સુદ-૧૦ | અ.નિ. સ.ગુ. મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજી (સાટા જલેવી) | ધોળકા |
| આસો સુદ-૧૦ | નનુભાઈ પુનાભાઈ - શાંતાબેન નનુભાઈ (ફાફડા જલેબી) | અમદાવાદ |
| આસો સુદ-૧૨ | પટેલ વિશાલ ઘનશ્યામભાઈ (મગસ) | વડુ |
| આસો સુદ-૧૪ | પૂજારા મનન મુકુંદભાઈ (મૈસુબ) | અમદાવાદ |
| આસો સુદ-૧૫ | અ.નિ. પ્રેમીલાબેન જસુભાઈ અમીન (મોહનથાળ) | ચલોડા |
| આસો સુદ-૧૫ | પટેલ આસ્થા વિકાસકુમાર (મોહનથાળ) | હિંમતનગર |
| આસો સુદ-૧૫ | પ્રજાપતિ અમિતકુમાર કાંતિભાઈ (મોહનથાળ) | ગાંધીનગર |
| આસો સુદ-૧૫ | પટેલ ભગવાનદાસ ચુનીલાલ (મોહનથાળ) | ડાંગરવા |
| આસો વદ-૧ | મહિલા મંડળ (ચુરમાના લાડુ) | ચલાલા-અમરેલી |
| આસો વદ-૩ | અ.નિ. પટેલ મીનાબેન દશરથભાઈ (દૂધપાક માલપુંવા) | અમદાવાદ |
| આસો વદ-૫ | પટેલ ડાહીબેન મંગળભાઈ (મોહનથાળ) | ઝુંડાલ |
| આસો વદ-૬ | પટેલ ડહીબેન રેવાભાઈ (મગસ) | સોજા |
| આસો વદ-૭ | અ.નિ. વર્ષાબેન નવીનચંદ્ર પાઠક (મોહનથાળ) | વુલવીચ-યુ.કે. |
| આસો વદ-૮ | અ.નિ. વર્ષાબેન નવીનચંદ્ર પાઠક (ગુલાબ જાંબુ) | વુલવીચ-યુ.કે. |
| આસો વદ-૮ | અ.નિ. સુંદરભાઈ જીવણભાઈ પટેલ (ગુલાબ જાંબુ) | અમદાવાદ |
| આસો વદ-૯ | અ.નિ. વર્ષાબેન નવીનચંદ્ર પાઠક (બુંદીના લાડુ) | વુલવીચ-યુ.કે. |
| આસો વદ-૯ | ધીરેનભાઈ અનંતરાય કામદાર (બુંદીના લાડુ) | પોરબંદર |
| આસો વદ-૯ | અ.નિ. હાલાઈ ગોવિંદભાઈ કરશનભાઈ (બુંદીના લાડુ) | મેઘપર-કચ્છ |
| આસો વદ-૧૨ | પટેલ પૂનમ વિશાલ (મગસ) | વડુ |
| આસો વદ-૧૩ | ગાંધી બિપીનભાઈ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| આસો વદ-૧૪ | પંચાલ જૈમિન નંદલાલભાઈ (ડ્રાઈફ્રુટ હલવો) | અમદાવાદ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૧૫૦૧/- કાચા ટેલર પરિવાર કાચા લક્ષ્મણભાઈ, રમણીકભાઈ, મુરજીભાઈ, ચંદુભાઈ, વિનોદભાઈ, પ્રકાશભાઈ આર, પ્રકાશ એમ. કપીલ, સૂરજ, કુલદિપ, આકાશ, કર્નલ, પૃથ્વીરાજ ચૌહાણ, સહજ, વિહાન, જીયાન આદિ પરિવાર લેસ્ટર
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ભૂડીયા કાંતિલાલ કેસરા ઈસ્ટ લંડન-ફોટડી (કચ્છ)
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપાઅર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા ઈસ્ટ લંડન-ફોટડી (કચ્છ)
૫૦૦/- પટેલ તુલસીબેન શ્રીહરિ અને ધર્મકુળ પ્રસન્નાર્થે ઈસ્ટ લંડન
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૧૦૧/- વીણાબેન અ.નિ. પટેલ મનુભાઈ શનાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જગદીશભાઈ પુણ્યતિથિ નિમિત્તે દહેગામ
૧૦૦/- મેવાડા રમેશભાઈ અ.નિ. ભાણો અશ્વિનભાઈ ધીરૂભાઈના સ્મરણાર્થે જાબુંડાવાળા
૧૦૦/- પટેલ બળદેવભાઈ વિસાભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ડાંગરવા
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ધૂળકોટ-નાઈરોબી
૧૦૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૨૦૦/- પટેલ પૂંજાભાઈ હીરદાસ ગ્રામસેવક પરિવાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ડાંગરવા
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસના સ્મરણાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મોદી ચંચળબેન રણછોડદાસના સ્મરણાર્થે મહેસાણા
૧૧૧/- અ.નિ. મહેતા મણીલાલ મુલચંદદાસના સ્મરણાર્થે સાબરમતી
૧૧૧/- અ.નિ. મહેતા ડાહીબેન મણીલાલના સ્મરણાર્થી સાબરમતી
૧૦૦/- મોદી રીટાબેન જયંતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૦/- પટેલ રામભાઈ એમ. શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે મોખાસણ
૧૦૦/- અ.નિ. પટેલ ભીખાભાઈ જે. પુણ્યતિથિ નિમિત્તે દહેગામ
૧૧૧/- દલવાડી કરશનભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વિરમગામ
૨૦૦/- પટેલ છનાભાઈ પ્રહલાદભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૧/- દલવાડી કિશોરકુમાર કરશનભાઈ હોન્ડા સ્કુટી નિમિત્તે વિરમગામ
૨૫૦/- ચાવડા મિતુલ આર. ૪૦ માં જન્મ દિને બળોલ-ભાલ
૨૫૦/- ચાવડા આર. બી. ૬૭ માં જન્મ દિને બળોલ-ભાલ
૫૦૧/- વાસુભાઈ રસિકભાઈ અમેરિકાથી શ્રી નરનારાયણદેવ દર્શન નિમિત્તે મોખાસણવાળા
૨૦૦/- પટેલ પ્રણવ નટવરભાઈ ચિ. કાનવ અને કુશના જન્મ દિને કેનેડા
૧૧૦૦/- પટેલ રોહિતકુમાર માણેકલાલ ચિ. પ્રંથ અન પ્રિન્સના જન્મ દિને વડુ
૨૦૦/- પટેલ વિયાના સિધ્ધાર્થ તા. ૬-૧૧ જન્મ દિને અમેરિકા
૨૦૦/- પટેલ શિવાની શ્રીજી પ્રસન્નાર્થે અમેરિકા
૧૦૦/- મોદી પરેશભાઈ મુકુન્દચંદ્ર ઓચ્છવીયા આસો સુદ-૧૧ નિમિત્તે અમદાવાદ
૧૦૧/- મકવાણા પુષ્પાબેન અમરતભાઈ નૂતન વર્ષ નિમિત્તે પૂના
૫૦૦/- કોઠારી ભાગ્યેશ રમેશભાઈ નવી કિયા ગાડી લાવ્યા તે નિમિત્તે ગવાડા
૨૦૦/- કોઠારી રમેશભાઈ વાલજીભાઈ ચિ. આંગનના જન્મ દિને ગવાડા
૫૦૦/- ઉપાધ્યાય પ્રવિણભાઈ બાળકૃષ્ણભા ચાર ધામ યાત્રા નિમિત્તે બોપલ
૧૦૦/- પટેલ સ્નેહલ વિષ્ણુભાઈ નૂતન વર્ષ નિમિત્તે મોટેરા
૧૦૦/- પટેલ રૂદ્ર સ્નેહલભાઈ નૂતન વર્ષ નિમિત્તે મોટેરા
૨૦૧/- પટેલ અરવિંદભાઈ ત્રિકમદાસ ચિ. પંકજના જન્મ દિને કરજીસણ
૧૫૧/- અમીન વર્ષાબેન જગદીશભાઈ જસ્મિનભાઈની જોબ ટ્રાન્સફર નિમિત્તે દહેગામ
૧૦૧/- અમીન વર્ષાબેન જગદીશભાઈ જસ્મિનભાઈની શહેરમાં બદલી નિમિત્તે દહેગામ
૧૦૧/- ભાવસાર વંદન તા. ૨૨-૧૦ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- હિયાન ના તા. ૩૧-૧૦ જન્મ દિને અમદાવાદ
૧૫૦/- ઠક્કર રીયાબેન કેતનભાઈ લગ્ન પ્રસંગે ઘોડાસર
૧૫૦/- ઠક્કર પ્રિયાંક સંજયભાઈ ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે ઘોડાસર
૧૫૦/- ઠક્કર જીયા કિરણભાઈ ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે ઘોડાસર
૩૦૧/- પટેલ મનોજભાઈ રમણભાઈ પૌત્રી શ્રીશાના ૩ જા જન્મ દિને અંબાપુર
૧૦૧/- ભાવસાર સાવિત્રીબેન મનુભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે નવાવાડજ
૫૦૦/- પટેલ શૈલેષભાઈ ટી. આઈ-૧૦ ફોર વિલ ગાડી લાવ્યા તે નિમિત્તે વડુવાળા
૧૦૦/- પટેલ કાંતિલાલ ચંદુલાલ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- પટેલ યશિત અંકિત ઘનશ્યામભાઈ જન્મ દિને અમદાવાદ
૧૦૦/- મોદી મધુબેન પ્રહલાદભાઈ સર્જરી સફળ થઈ તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- અ.નિ. મોદી પ્રહલાદભાઈ ડાહ્યાલાલ ૧૧ મી પુણ્ય તિથિ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- મોદી મધુબેન પી. જન્મ દિને અમદાવાદ
૧૦૦/- મોદી બંસરી સંદિપકુમાર તા. ૫-૧૧ જન્મ દિને અમદાવાદ
૧૦૧/- અ.નિ. પટેલ અંબારામભાઈ કોદરદાસ તા. ૨૭-૧૦ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ગવાડા
૧૦૦/- પટેલ ઈલાબેન પ્રવિણભાઈ જન્મ દિને અંબાપુર
૧૦૦/- પટેલ હર્ષિલ અરૂણભાઈ જન્મ દિને અંબાપુર
૧૦૦૦/- પટેલ સીતાબેન મનુભાઈ ફ્લોટ લીધો તે નિમિત્તે રાજપુરવાળા
૨૫૧/- ચાવડા હિરેન રણછોડભાઈ તા. ૩-૧૧ ૪૨ માં જન્મ દિને બળોલ-ભાલ
૫૦૦/- પટેલ હુક્સ અંકિતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૫૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ નૂતન વર્ષ નિમિત્તે બાવળા
૧૦૦/- સોની ઈન્દ્રવદન જે. નૂતન વર્ષ નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ વ્રજ પિયુષભાઈ જન્મ દિને પરઢોલ

# શ્રી સ્વામિનારાયણ

૧૦૦/- પટેલ ચંદ્રિકાબેન ગીરીશભાઈ ચિ. વ્રજના જન્મ દિને પરઢોલ
૧૦૦/- પટેલ હિરેન અરવિંદભાઈ મેરેજ એનિવર્સરી નિમિત્તે ઈટાદરા
૧૦૦/- પટેલ પ્રીત અરવિંદભાઈ જન્મ દિને ઈટાદરા
૧૦૦/- મોદી ભીખીબેન અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૨૦૦/- સિંધવ રણછોડભાઈ અરજણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વાણી
૧૧૧/- પટેલ પૂજાબેન વિપુલકુમાર જોબ મળી તે નિમિત્તે વામજ
૧૦૧/- રાઓલ જયવીરસિંહ બહાદુરસિંહ જન્મ દિને સોઢીભાલ
૫૦૧/- ફેનીલ સૌમીલકુમાર તા. ૨૯-૧૦ જન્મ દિને ઝુંડાલ
૨૦૦/- પટેલ નિલમબેન ઘનશ્યામભાઈ મારૂસણા
ઉ.ગુ. યુનિવર્સીટીમાં ગોલ્ડ મેડલ નિમિત્તે
૨૦૦/- પટેલ નટવરભાઈ અંબાલાલ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૨૦૦/- પટેલ કવલ નટવરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૨૦૦/- પટેલ આસિતા, સૂજાતા શ્રીજી પ્રસન્નાર્થે સાબરમતી
૧૦૧/- દરજી સુરેશભાઈ ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ભાવસાર રમેશભાઈ શાંતિલાલ જન્મ દિને ચાંદલોડીયા
૩૦૧/- પટેલ દ્વિજાબેન વૈભવકુમાર જન્મ દિને મોટપ
૧૦૦/- ચાવડા અરવિંદ નરસીભાઈ રસોઈ નિમિત્તે ધૂડકોટ
૧૧૧/- પટેલ હર્ષદભાઈ ઈશ્વરભાઈ મોટા ઉભડા
નવું બાઈક લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ કેશાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વહેલાલ
૧૦૦/- પટેલ ચંદ્રિકાબેન ગોકુળભાઈ જન્મ દિને બાપુનગર
૫૦૧/- ગાંગાણી મૌલિક ધીરજભાઈ જોબ મળી તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- મોદી અમૃતલાલ મગનલાલ ચારધામ યાત્રા નિમિત્તે સેટેલાઈટ
૨૦૧/- રાવલ તરૂણભાઈ સાહેબ નૂતન વર્ષ નિમિત્તે પાલડી
૧૦૦/- પંચાલ વસંતભાઈ જગજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે પાટડી
૧૦૦/- ગજ્જર રવિ જગદીશભાઈ નૂતન વર્ષ નિમિત્તે ઝુલાસણ
૧૦૦/- ગજ્જર યશ પ્રકાશભાઈ પ્રથમ સેલેરી નિમિત્તે ઝુલાસણ
૧૦૦/- ગજ્જર રાજુભાઈ બળવંતભાઈ નૂતન વર્ષ નિમિત્તે ઝુલાસણ
૧૦૧/- મકવાણા રમેશભાઈ ધનજીભાઈ મુંબઈ
ચિ. ધવલ સારા ટકાએ પાસ થયો તે નિમિત્તે
૨૦૦/- પટેલ મંગળભાઈ ડી. ડાંગરવા
ચિ. દર્શન, પુત્રવધુ ચિ. રોમાને કેનેડાને પી.આર. નિમિત્તે
૧૦૧/- મકવાણા રમેશભાઈ ધનજીભાઈ મુંબઈ
ચિ. ઉર્મિલા સારા ટકાએ પાસ થઈ તે નિમિત્તે
૧૦૦/- પટેલ હર્ષદભાઈ ડાહ્યાભાઈ નવી દુકાન લીધી તે નિમિત્તે મોટેરા
૧૦૧/- પટેલ નીતિનભાઈ ભીખુભાઈ નૂતન વર્ષ નિમિત્તે બાવળા
૧૦૦/- પટેલ કંચનબેન રણછોડભાઈ નૂતન વર્ષ નિમિત્તે દેવપુરા
૧૦૧/- અ.નિ. ભાવસાર સુમિત્રાબેન બાબુલાલ પુણ્યતિથિ નિમિત્તે મોટપ
૨૦૦/- અ.નિ. પટેલ બાબુભાઈ નારણભાઈ પુણ્ય તિથિ નિમિત્તે કાળીગામ
૫૦૦/- પટેલ વિધિ દિનેશભાઈ પ્રથમ પગાર નિમિત્તે મારૂસણા
૨૦૦/- રાવલ પ્રવિણચંદ્ર ડી. નયનાબેન પ્રવિણચંદ્ર યાત્રા નિમિત્તે કાલીયાણા
૨૦૧/- સોલંકી દેવર્ષ મિતેશભાઈ જન્મ દિને અમદાવાદ
૧૫૦/- ભટ્ટ વત્સલ તરૂણભાઈ જન્મ દિને દહેગામ
૧૦૦/- ભટ્ટ રોશન તરૂણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે દહેગામ
૧૫૧/- અમીન વર્ષાબેન જગદીશભાઈ ચિ. જસ્મિનના જન્મ દિને દહેગામ
૧૦૦/- અ.નિ. કા. હસમુખભાઈ ચંદ્રકાંતના સ્મરણાર્થે બાલાસિનોર
૧૦૦/- પટેલ અક્ષરભાઈ વિપુલભાઈ જન્મ દિને સુરેન્દ્રનગર

૧૦૦/- પટેલ રૃષિ હિતેષકુમાર જન્મ દિને લીંબડી
૧૦૧/- કા. કામિની પરેશ એનિવર્સરી નિમિત્તે બાલાસિનોર
૧૦૧/- મોદી અમૃતલાલ મગનલાલ નૂતન વર્ષ નિમિત્તે સેટેલાઈટ
૧૫૦/- બારોટ ધર્મિષ્ઠાબેન બળદેવભાઈ ઝુલાસણ
ચિ. તીર્થ, હરિએ પૂજા ચાલુ કરી તે નિમિત્તે
૧૫૦/- પટેલ ગાંડાભાઈ ઈશ્વરદાસ ૭૦ માં જન્મ દિને વેડાગોવિંદપુરા
૨૦૦/- પટેલ યક્ષ પૂર્વિનકુમાર જન્મ દિને ગાંધીનગર
૨૦૦/- પટેલ તનુષ ધવલકુમાર જન્મ દિને સાબરમતી
૧૧૧/- હિરાણી અક્ષય મહેશભાઈ એડમીશન નિમિત્તે રતનપર
૫૦૧/- પટેલ જય પ્રિયલબેન સાકરતુલા નિમિત્તે ઘમાસણા
૧૦૧/- મોદી પ્રકાશભાઈ અમૃતલાલ તા. ૧૦-૧૧ જન્મ દિને ઘાટલોડીયા
૧૦૧/- પટેલ ઉમિષાબેન દિલીપકુમાર જન્મ દિને ગવાડા
૨૦૦/- ઠાકોર પ્રવિણભાઈ નટવરલાલ શ્રીજી પ્રસન્નાર્થે ગાંધીનગર
૨૦૦/- ચાવડા ચંદ્રસિંહ કૌશિકભાઈ બળોલવાળા
ચિ. પુત્રી હિરના પ્રથમ જન્મ દિને
૫૦૦/- પટેલ સુધાબેન દીપકભાઈ જન્મ દિને હિરામોતી
૧૦૧/- ચૌહાણ અશોકભાઈ અમરશીભાઈ સુરત
ચિ. જીનલબેન-તૃપ્તિબેનના લગ્ન પ્રસંગે
૨૦૧/- સિંધવ નબુબેન મોહનભાઈ શ્રીજી પ્રસન્નાર્થે વણી
૨૫૧/- પટેલ શ્રેયર્સ રમણભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ
૨૫૦/- પટેલ મેહુલભાઈ રમણભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ
૨૫૧/- પટેલ હેતલ શ્રેયસ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ
૨૫૧/- પટેલ ધરતી મેહુલભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ
૨૫૧/- પટેલ વૃંદા મેહુલભાઈ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ
૨૫૧/- પટેલ અંશ શ્રેયસ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે વાવોલ
૧૦૦/- પટેલ ભૂપેન્દ્રભાઈ કાંતિલાલ શ્રીજી પ્રસન્નાર્થે મોટેરા
૧૦૧/- ભાવસાર હરેશભાઈ પી. ચિ. હેતની ચૌલ ક્રિયા નિમિત્તે મહેસાણા
૧૦૦/- ચૌહાણ ગિરધરભાઈ લક્ષ્મણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જામસર
૧૦૦/- પટેલ વિષ્ણુભાઈ શંકરદાસ શ્રીજી પ્રસન્નાર્થે મોખાસણ
૧૦૦/- પટેલ સમીર વિષ્ણુભાઈ ચિ. નિત્યના જન્મ દિને મોખાસણ
૧૦૦/- પટેલ જગદીશભાઈ કેશવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- વાઘેલા લક્ષ્યરાજ શંકરસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૦/- વાઘેલા શંકરસિંહ વિક્રમસિંહ ગાડી લાવ્યા તે નિમિત્તે ગોધાવી
૧૦૦/- વાઘેલા આનંદબા ઘનશ્યામસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા મિતરાજસિંહ મેઘરાજસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૧/- વાઘેલા જીકુબા અજીતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા રતનબા માનસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૨૦૧/- ઝાલા લીલાબા વેલુભા શ્રીજી પ્રસન્નાર્થે સાણંદ
૨૦૧/- વાઘેલા કાનજીભાઈ સુરસંગ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા શાંતુબા પ્રવિણસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૧૦૧/- પટેલ શારદાબેન વાડીલાલ જન્મ દિને ધનસુરા
૧૦૦/- પટેલ ઉન્નત ચંદ્રેશભાઈ જન્મ દિને બાયડ
૧૦૧/- મોદી આશાબેન ભરતભાઈ ૫૭ માં જન્મ દિને માણસા
૨૦૦/- પટેલ બ્રીજ નટવરભાઈ તા. ૮-૧૧ જન્મ દિને ભાવપુરા
૧૦૦/- વાઘેલા અશોકસિંહ જામભા નૂતન વર્ષ નિમિત્તે ગોધાવી
૨૫૧/- ચૌહાણ રાજીવ મોનજીભાઈ જામસર
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે

૧૦૦/- પટેલ અમરતભાઈ પૂંજાભાઈ નૂતન વર્ષ નિમિત્તે સઈજ
૧૦૦/- ગાંગાણી નીશા અંકિત જન્મ દિને અમદાવાદ
૫૦૧/- પટેલ હિરલ અરવિંદભાઈ ગ્રીન કાર્ડ મળ્યું તે નિમિત્તે વડુ
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૧૦૦/- અ.નિ. પટેલ જગદીશભાઈના સ્મરણાર્થે પરઢોલ
૧૦૦/- પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૦/- પટેલ યશ જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૨૦૦/- પટેલ હિરાભાઈ મરઘનદાસ શ્રીજી પ્રસન્નાર્થે પરઢોલ
૧૦૦/- સોની હેતલબેન ઘનશ્યામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઝુલાસણ
૧૦૦/- પટેલ ભાઈલાલભાઈ ખેમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૧૦૦/- પટેલ મણીબેન લખીદાસ શ્રીજી પ્રસન્નાર્થે જાનવડ
૫૦૦/- પટેલ વેદાંત પ્રવિણભાઈ જન્મ દિને મોટેરા
૫૦૦/- પટેલ વિજયાબેન રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૨૦૧/- પટેલ ભૂલાભાઈ શામળભાઈ ધમાસણા
ભાણા રવિને કેનેડાના પીઆર નિમિત્તે
૫૦૧/- પટેલ સાવન કમલેશભાઈ તા. ૧-૧૨ જન્મદિને અસલાલી
૨૫૧/- પટેલ કામાક્ષી તથા હેતાક્ષી પ્રેમલભાઈ જન્મ દિને અસલાલી
૧૦૦/- પટેલ હસમુખભાઈ હિરજીભાઈ ચિ. વિશાલના લગ્ન પ્રસંગે નિકોલ
૧૦૦/- પટેલ ઋત્વા ભાવેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે પ્રતાપપુરા
૧૦૦/- અ.નિ. રાઠોડ રામજીભાઈ વિઠ્ઠલભાઈના સ્મરણાર્થે વટવા
૧૦૧/- પરમાર મેહુલ લાભુભાઈ માલણીયાદ
ધો-૧૦ માં પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- મહેતા જસવંતલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૫૧/- પટેલ મંગુબેન રમેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નારદીપુર
૧૦૦/- ચૌધરી અમરતભાઈ લવજીભાઈ માણેકપુર
ચિ. ભાણી હિરવાના જન્મ પ્રસંગે
૨૦૦/- વાઘેલા છત્રસિંહ ભાવુભા શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી
૨૦૧/- વાઘેલા જયરાજસિંહ શક્તિસિંહ ગોધાવી
ચાતુર્માસ પૂર્ણ કર્યા તે નિમિત્તે
૧૦૦/- વાઘેલા હર્ષિતાબેન કલ્પેશસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૦/- વાઘેલા જયસિંહ પરિક્ષીતસિંહ જન્મ દિને ગોધાવી
૧૦૧/- પટેલ જિનાંશ ચિરાગ તા. ૧૫-૧૨ જન્મ દિને ખેરોલ
૧૦૦/- એક સત્સંગીબહેન ચાતુર્માસ નિમિત્તે કલોલ
૨૦૦/- ચૌધરી જીયાન હિતેશકુમાર સેંધાભાઈ જન્મ દિને આનંદપુરાવેડા
૧૦૧/- ચૌધરી અર્જુન સંજયભાઈ સ્વદેશ આગમન નિમિત્તે માણેકપુર
૧૦૦/- પટેલ કાનજીભાઈ મોતીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ખેરોલ
૧૦૦/- પટેલ સંસ્કાર ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ યુવરાજ ગોપાલભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૦/- પટેલ ઝંખના હર્ષલકુમાર જન્મ દિને હિંમતનગર
૧૦૦/- પટેલ હેત હર્ષલકુમાર જન્મ દિને હિંમતનગર
૫૦૦/- અ.નિ. ક્રિષ્ણાબેન બકોરભાઈ હિરામોતી
ત્રિકમભાઈ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે
૨૦૦/- પટેલ નંદુબેન ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૫૦૧/- પટેલ દશરથભાઈ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે વડુવાળા
૧૦૧/- પટેલ રમેશચંદ્ર રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૦/- મોદી પરેશભાઈ મુકુન્દચંદ્ર અમદાવાદ
ઓચ્છવીયા કારતક સુદ-૧૧ નિમિત્તે
૧૦૧/- પટેલ પોંચીદાસ જીવીદાસ શ્રીજી પ્રસન્નાર્થે વડુ
૧૦૦/- મોરી અજીતભાઈ પથાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૦/- મોદી રોહિતકુમાર ડી. નવા વર્ષ નિમિત્તે ગાંધીનગર
૧૦૦/- પટેલ જીજ્ઞેશભાઈ હિતેષભાઈ જન્મ દિને કલોલ
૧૦૦/- પટેલ જીયાન જીજ્ઞેશકુમાર જન્મ દિને તા. ૧૭-૧૨ કલોલ
૧૦૦/- પટેલ હિરલ જીજ્ઞેશકુમાર જન્મ દિને તા. ૧૬-૧૨ કલોલ
૧૦૦/- પટેલ પંકજભાઈ ચંદુલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- પટેલ રિન્કલ રાજેન્દ્રકુમાર માણસા
એન્જી. સિવિલ બેંચમાં ગોલ્ડ મેડાલીસ્ટ નિમિત્તે
૧૦૦/- પટેલ સંજય ગોવિંદભાઈ વડુ બહેનોના મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૦/- ડૉ. કિરણ આર. ઠક્કર રાણીપ
મેડીક્લેઈમ લોકપાલમાં જીતવા નિમિત્તે
૫૦૦/- પટેલ જીતેન્દ્રકુમાર બાબુલાલ વિહાર
ચિ. પાર્થ અને શ્રેયાના લગ્ન પ્રસંગે
૨૦૦૦/- પટેલ અરવિંદભાઈ ત્રિકમલાલ કરજીસણ
અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે
૧૦૦/- પટેલ મોરારભાઈ પરસોતમભાઈ ચિ. હર્ષની પરીક્ષા નિમિત્તે રનેલા
૧૫૦/- ચાવડા ઘનશ્યામભાઈ આર. જન્મ દિને બળોલ-ભાલ
૧૫૦/- ચાવડા આર્યન હિરેનભાઈ જન્મ દિને બળોલ-ભાલ
૧૦૧/- પટેલ માન્યા રાકેશકુમાર જન્મ દિને લાલોડા
૧૦૧/- પટેલ રાકેશકુમાર ઈશ્વરભાઈ લાલોડા
સર્વેયરની નવી ઓફિસ નિમિત્તે
૧૦૦/- પટેલ નયનકુમાર રાજેન્દ્રભાઈ મેઘાણીનગર
પરીક્ષામાં પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- પટેલ ઉન્નતિ રાજેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ધનસુરા

**સર્વોપરી છપૈયાધામમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ**

સંપ્રદાયનું સર્વોપરીધામ છપૈયા શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત પદે સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજી (અયોધ્યા મંદિરના વર્તમાન મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે. જેની સૌ સત્સંગને જાણ થાય.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.










૧. અમદાવાદ રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજના પાટોત્સવ પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા અભિષેક કરતા શા.સ્વામી નિર્ગુણદાસજી. ૨. કાલુપુર મંદિરમાં દેવપ્રબોધિની એકાદશીના સર્વોપરિ શ્રી નરનારાયણદેવની પાંચ આરતી કરવામાં આવી હતી તથા શ્રી નરનારાયણદેવ સમક્ષ આખી રાત્રી ઓચ્છવ કરવામાં આવ્યો હતો. ૩. ગાંધીનગર સેક્ટર-૨ શ્રી સ્વામિનારાયણ મંદિરના ૨૦મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા તથા સભામાં દર્શન આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી.











૧. જારાવડ નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી.
૨.અમદાવાદ મંદિરમાં સંત દિક્ષા આપી રહેલા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૩. મેથાણના મુવાડા ગામે પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીની આરતી ઉતારતા આચાર્ય મહારાજશ્રી. ૪. જેતલપુર આપણા મંદિરે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી દર્શને પધાર્યા તે સમયે ગંગામાના ઘર પર મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી સાથે. ૫. ન્યૂ રાણીપ મંદિરમાં અન્નકૂટ દર્શન.





















૧. ગ્રીફીથ ઓસ્ટ્રેલિયા નૂતન મંદિરની ખાત વિધિ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨. પર્થ મંદિરમાં શાકોત્સવ કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૩. એડીલેડ મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. મહારાજશ્રી. ૪. કાલુપુર મંદિર હવેલીમાં બાલિકા શિબિરમાં પૂ.શ્રીરાજા સાથે લાભ લેતી બાલિકાઓ. ૫. ધમાસણા મંદિરના પાટોત્સવ પ્રસંગે શાકોત્સવ કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૬. "આદરજલીલા" પુસ્તિકાનું વિમોચન કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

Registered under RNI is-GUJ GUJ 2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC - 003/2018-2020 Valid up to 31-12-2020 issued by the SSPO's License to post without Prepayment No.PMG/HQ/028/2018-20 valid upto 31-12-2020












૧. ડેરીમેટ (મેલબોર્ન ઓસ્ટ્રેલીયા) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરતા હરિભક્તો સાથે અને સમૂહ આરતી ઉતારતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી. ૨. સીનેમીન્સન મંદિરમાં વચનામૃત દ્વિશતાબ્દી નિમિત્તે કથા પારાયણ. ૩. શિકાગો મંદિરમાં તુલસી વિવાહ.

www.swaminarayan.in info@swaminarayan.in

**Follow Us @ nndkalupurmandir**

Daily Darshan Whatsapp no. **+91 9909 967104**